Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

THE ATMANAND PRAKASH REGISTERED No. B. 431

श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

शान्तिः स्वान्तप्ररूढा भवति भवततिभ्रान्तिरुन्मूलिता च
ज्ञानानन्दोऽप्यमन्दः प्रसरति हृदये तात्त्विकानन्दरम्यः ।
अर्हद्वाणीविनोदो विशदयति मनः कर्मकक्षानलाभ्भः
आत्मानन्दप्रकाशो यदि भवति नृणां भावभृद्-हृद्विकाशः ॥

पुस्तक १३. } वीर संवत् २४४१ ज्येष्ठ. आत्म सं. १९. { अंक ११मो

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा. भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ઠ. | નંબર. | વિષય. | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | વાર્ષિક મહોત્સવ પ્રસંગે શ્રી સિદ્ધગિરિ સ્તુતિ. ... ... ... | ૨૯૯ | ૮ | આત્મા અથવા "હું" નો સાક્ષાત્કાર ... ... ... ... ... | ૩૧૫ |
| ૨ | જિન અને જૈન શબ્દ સંબંધી સાદી સમજ ... ... ... ... | ૩૦૦ | ૯ | જ્ઞાન દાન ... ... પદ્ય ... ... | ૩૩૦ |
| ૩ | શું કુલાચારથી ધર્મ પ્રાપ્ત થાય છે? | ૩૦૧ | ૧૦ | મંદસોરની ઉત્પત્તિનો ઇતિહાસ... | ૩૩૧ |
| ૪ | વીરપુત્રોને વિજ્ઞપ્તિ. ... ... ... | ૩૦૫ | ૧૧ | મુનિ વિહારથી થતા લાભો, ... | ૩૩૩ |
| ૫ | નીતિ અને નૈતિક કેળવણી ... | ૩૦૫ | ૧૨ | અમારી સભાનો વાર્ષિક મહોત્સવ. | ૩૩૬ |
| ૬ | જૈનોન્નતિ. ... ... ... ... | ૩૦૭ | ૧૩ | વર્તમાન સમાચાર... | ૩૩૬—૩૩૭ |
| ૭ | યતિઓની સાહિત્ય સેવા... ... | ૩૧૩ | ૧૪ | વિજયાયંદસૂરિશ્વરના પરિવાર મંડળના મુનિરાજોને વિનંતિ ... | ૩૩૮ |


વાર્ષિક—મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪

ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ખાસ સૂચના

જૈનાચાર્ય શ્રી ૧૦૦૮ શ્રીમદ્ વિજયાનંદસૂરિ ( આત્મારામજી ) મહારાજની વીસમી જયંતિનો નિર્વાણ મહોત્સવ સુરતમાં ગોપીપુરામાં નવી ધર્મશાળામાં ઘણા ઠાઠમાઠથી કરવામાં આવ્યો હતો, જેનો સંપૂર્ણ રીપોર્ટ આ સાથે વધારામાં આપવામાં આવેલ છે.

## બારમા વર્ષની અપૂર્વ ભેટ.

**આ સભાને ચાલતા વર્ષના જેઠ માસમાં વીશમું વર્ષ બેસતું હોવાથી તેની ખુશાલીમાં શ્રી શ્વેતામ્બરીય જૈન ગ્રંથ માર્ગદર્શક યાને " જૈન ગ્રંથ ગાઇડ " નામનું એક ઉમદા અને દળદાર પુસ્તક ભેટ.**

આ સભાને જેઠ માસમાં વીસમું વર્ષ બેસતું હોવાથી તેની શરૂઆતમાંજ અમારા ગુરૂભક્ત ગ્રાહકોને જેમ દર વર્ષે દ્રવ્યાનુયોગ કે ચરિતાનુયોગનો અપૂર્વ ગ્રંથ (જે દરવર્ષેજ ભેટ આપવાનો નિયમિત ક્રમ માત્ર અમારોજ છે તે ) સભાના ધારા મુજબ સુમારે દશથી અગ્યાર ફારમનો ગ્રંથ ભેટ અપાય છે, તેને બદલે આ વર્ષે આ સભાને વીશમું વર્ષ બેસતું હોવાથી તેની ખુશાલીમાં સુમારે ત્રીશ ફારમનો, ઉંચા ઈંગ્લીશ કેટ્રીજ પેપરમાં સુંદર ટાઈપથી છપાવેલ, સુંદર ચળકતા સોનેરી રંગીન કપડાથી પાકી બાઇન્ડીંગ કરેલો, સુમારે અઢીશેંહ પાનાનો અમુલ્ય જૈન ગ્રંથ ગાઈડ નામનો ગ્રંથ, જેના કે પ્રયોજક ઉપાધ્યાયજી શ્રીમદ્ વીરવિજયજી મહારાજના શિષ્ય શ્રી વિનયવિજયજી મહારાજ છે; જે ગ્રંથ ખરેખર એક જૈનસાહિત્યમાં વૃદ્ધિ કરવા સાથે લાયબ્રેરી ( પુસ્તકાલય ) ના શ્રૃંગાર રૂપ છે. અને તે આ વર્ષે માટેજ આવો મોટો ગ્રંથ ભેટ આપવાનો સભાએ ઠરાવ કર્યો છે. જે અમારા સુજ્ઞ ગ્રાહકોને ઘણાને મોકલાઇ ગયેલ છે. ( હવે પછીના વર્ષે ધારા પ્રમાણે ભેટ આપવામાં આવશે. )

જૈનાગમની પ્રગટ થએલી જ્ઞાનસમૃદ્ધિના વિલાસથી ભરપુર એવો આ ગ્રંથ પ્રત્યેક જૈન વિદ્વાન મુનિઓ, અને ગ્રહસ્થોએ આદરથી સંગૃહિત કરવા યોગ્ય છે અને પ્રત્યેક ગૃહ, પુસ્તકાલય અને જાહેર પુસ્તકાલયોમાં અલંકાર રૂપે સ્થાપન કરવા યોગ્ય છે.

આ ગ્રંથ ચાલતા માસની વદ ૮ થી આ માસિકના માનવંતા ગ્રાહકોને વી. પી. કરી મોકલવાનું શરૂ કરવામાં આવેલ છે. અમારા માનવંતા ગ્રાહકોએ તેની કદર કરી સ્વીકારી લીધેલ છે જેને માટે ઉપકાર માનવામાં આવે છે. અને કેટલાક ગ્રાહકોએ તો માસિક અત્યાર સુધી રાખ્યાં છતાં વી. પી. સ્વીકારવા માટે પત્ર લખ્યા બાદ ઉડાઉ જવાબ આપેલ છે, અને કેટલાક ગ્રાહકોએ વગર સમજે વી.પી. પાછું રવાના કરેલ છે અને કેટલાક ગ્રાહકો પાસે બે કે તેથી વધારે વર્ષનું લેણું છતાં અને તેઓ અત્યારસુધી માસિકના ગ્રાહક રહેલ છતાં ભેટની બુકનું વી. પી. મોકલતા લેણું લવાજમ આપવું પડે તેના કારણથી પણ વી.પી. પાછું મોકલેલ છે, જેથી વી.પી.ના ખર્ચ જેટલું જ્ઞાન ખાતાને નુકસાન કરતાં પાછલાં લેણા માટે પણ તેઓ જ્ઞાન ખાતાના દેવાદાર રહેલ છે. જેથી તેવા ગ્રાહકોને વિનંતિ કે આ ધાર્મિક કાર્ય છે જેથી તેને અયોગ્ય નુકશાન નહિ કરતાં લેણું લવાજમ મોકલી ગ્રાહક ન રહેવું હોય તો તેમ અમોને જણાવવા વિનંતિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# आत्मानन्द प्रकाश.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थ परिज्ञाने यत्नो विधेयः॥

पुस्तक १२ ] वीर संवत् २४४१, ज्येष्ठ. आत्म. संवत् १९ [ अंक १२ मो.

## वार्षिक महोत्सव प्रसंगे श्री सिद्धगिरि स्तुति.

( मन्दाक्रान्ता )

લાગે છે આ દિવસ સઘળો આજ આનંદકારી,
દેખી શૃંગો સિદ્ધગિરિ તણા સૌખ્ય સૌંદર્યકારી;
આત્માનંદી ગુરૂ ગુણ ગ્રહે ભકિત ભાવેથી પૂર્ણ,
તે માટે શ્રી ગિરિવર કરો પાપ સઘળાંજ ચૂર્ણ. ૧

## गुरुराजने आवाहन.

गीति

વિજયાનંદ ગુરૂને, જ્યેષ્ઠ શુકલ સપ્તમી શનિવારે;
આવાહન કરતીઆ, આત્માનંદ સભાત્મ સુખ સારે ૧

( विजय. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જિન અને જૈન શબ્દ સંબંધી સાદી સમજ.

## જિનદેવ, જૈન સાધુ, જૈન શ્રાવક અને જૈનધર્મનો ખરો અર્થ વિવેક.

( લેખક—શાન્તમૂર્તિ શ્રી કર્પૂરવિજયજી મહારાજ. )

"રાગદ્વેષ રહિત સમભાવથી ગમે તે કોઈ ગમે ત્યાંથી આ ભવ સમુદ્રને તરી શકે છે."

રાગદ્વેષ અને મોહાદિ ( અંતરના ) મહા વિકારોને વારનાર, અંતરના સઘળા દોષોને દૂર કરનાર, અંતરમાં છૂપી રહેનારા કટ્ટા દુશ્મનોને જીતી લેનારજ **જિન** કહેવાય છે. સકળ દોષ રહિત જિન ભગવાને ભાખેલો ધર્મ ( માર્ગ ) જૈન **ધર્મ** કહેવાય છે. એ ઉપરથી સહેજે સમજી શકાશે કે, જૈન **ધર્મ કોઈ અમુક જાતિ ( જ્ઞાતિ ) કે કોમનો નથી** પણ જે કોઇ ઉપર જણાવેલા સકળ દોષ–વિકાર વગરના જિનોએ કહેલા શુદ્ધ–નિર્દોષ ( સત્ય–સનાતન ) ધર્મને અથવા ધર્મના ફરમાનને અનુસરે છે તે **સઘળાંનો એ ધર્મ** હોઇ શકે છે. એટલે કે જૈન ધર્મને વિશાળ દૃષ્ટિથી તપાસવામાં આવે છે તો તે **આખી આલમનો ધર્મ** જણાય છે. એવો એ જૈન ધર્મ દરીઆ જેવો ઉંડો અને ઉદાર ( વિશાળ ) છે. ફકત નિષ્પક્ષપાતપણે તેનાં તત્ત્વ તપાસવાથી તેની ખાત્રી થઇ શકે છે. પરમાર્થદર્શીને અમુક નામ સાથેજ તંત હોતો નથી. દેવ ગુરૂ અને ધર્મનાં નામ ગમે તે હોય પણ જો પરમાર્થમાં તફાવત ન હોય તો પછી તેનો સ્વીકાર કરી લેવામાં કશો વાંધો-વચકો આવતોજ નથી. એકજ વસ્તુના જૂદાં જૂદાં નામ હોઇ શકે છે તેમ છતાં પરમાર્થ એક સરખો હોવાથી સમજુ માણસ તેમાં ઝઘડો કરતા નથી પણ સમદૃષ્ટિથી બધાય નામને સાચાં માને છે. તેવીજ રીતે પરમાર્થદૃષ્ટિથી શુદ્ધ નિર્દોષ દેવને **જિન, અરિહંત, વીતરાગ, પરમાત્મા, તીર્થંકર, શિવ, શંકર, શંભૂ, સ્વયંભૂ, બ્રહ્મા, વિષ્ણુ, રામ, મહેશ,** યા **મહાદેવાદિક** ગમે તે નામથી બોલાવામાં આવે તો પણ તે સાર્થકજ હોવાથી સમજુ માણસો સ્વીકારીજ લે છે. એવીજ રીતે ગુરૂનાં અને ધર્મનાં જૂદાં જૂદાં નામ ગમે તે હો પણ તે સાથે પરમાર્થદૃષ્ટિ જીવો કશો ઝઘડો કરી બેસતા નથી. શબ્દ ભેદથી અર્થ ભેદ સમજી નહિ લેતાં અર્થની એકતા નિષ્પક્ષપાતપણે વિચારી તેનું ઝટ સમાધાન કરી લે છે; એવી સમદૃષ્ટિ, પૂર્વોક્ત જિનના ખરા અનુયાયી **જૈન**માં હોઇ શકે છે. તેથીજ તે સ્યાદ્વાદી અનેકાન્તવાદી અથવા યથાર્થવાદી કહેવાય છે અને તે સત્ય છે. તત્ત્વદૃષ્ટિથી કહો કે ઉદાર–વિશાળ સમદૃષ્ટિથી વિચારી શકાય તો સકળ રાગાદિ દોષ રહિત વીતરાગ દેવે કહેલો–સમજાવેલો શુદ્ધ અહિંસા (દયા)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંયમ ( ચારિત્ર્ય ) અને ( ઇચ્છા નિરોધરૂપ ) તપ લક્ષણ ધર્મજ ખરેખર દરેક ભવ્ય આત્માને માટે સ્વાભાવિક ધર્મ છે. **અને એજ ઉત્તમ સનાતન ધર્મ દ્વારા ખરૂં વાસ્તવિક સુખ પ્રાપ્ત થઈ શકે છે.** એ પવિત્ર ધર્મમાં જેનું ચિત્ત સદાય વર્ત્યા કરે છે તેને ઇન્દ્રાદિક દેવો પણ નમસ્કાર કરે છે. પ્રથમ અજ્ઞાન વશ આદરેલા અસત્ ધર્મ ઉપર મિથ્યા મમત્વ રાખવું ઘટતું નથી; ભાગ્યયોગે સત્ય વસ્તુની પીછાન થવાનું એજ ફળ છે અને દશ દૃષ્ટાન્તે દુર્લભ માનવ ભવની ખરી કિંમત એથીજ છે.

સંગ્રાહક,
**શ્રી જૈન યુવક મંડળ—સાણંદ.**

# कुलाचारतोऽपि धर्मः

## શું કુલાચારથી ધર્મ પ્રાપ્ત થાય છે ?

લેખક—મુનિ મણિવિજયજી મુ.—**લુણાવાડા**

( પુષ્પ ૧૭ મું. )

**કુલાચાર:—** કુલાચાર-એટલે જે કુલને વિષે જે આચાર ચાલતો હોય તે કુલાચાર કહેવાય છે. આ કુલાચાર દેશદેશને વિષે તેમજ ગામેગામને વિષે જુદો જુદો હોય છે. જેમકે વણિક જાતિને વિષે વણિકનો આચાર, ક્ષત્રિયોને વિષે ક્ષત્રિયોનો આચાર તેમજ બ્રાહ્મણને વિષે બ્રાહ્મણનો આચાર. આવી રીતે દરેક વર્ણમાં દરેક જાતિનો આચાર જુદો જુદો હોય છે. જેમકે—

વણિક તથા બ્રાહ્મણ જાતિના કુળને વિષે વિધવા સ્ત્રીયોને શીયલ પાલવું તે પણ એક આચાર છે, તેમજ વિવાહાદિકને વિષે દ્રવ્યાદિકનો વ્યય કરવો, મદ્યમાંસાદિ અભક્ષ્ય પદાર્થોનું વર્જન કરવું તે પણ એક કુલાચારજ કહેવાય છે.

તેમજ દેવને વિષે દેવનો આચાર, જેમકે વીતરાગનું પૂજન કરવું તેમજ માણવક સ્તંભાદિકને વિષે રહેલા ડાબડાઓ મધ્યે શ્રી વીતરાગ મહારાજના અસ્થિ આદેની પૂજા કરવી તથા તે ઠેકાણે પ્રવીચાર કહેતાં મૈથુનનો ત્યાગ કરવો વિગેરે, તેમનો આચાર હોય તે કુલાચાર કહેવાય છે. અને અભવ્ય દેવોને પણ વીતરાગ તથા તેમના અસ્થિ આદિ પૂજવાની શ્રદ્ધા થતી નથી તેથી તેમનો તે આચાર અભવ્ય આચાર કહેવાય છે.

તેમજ મનુષ્યોનો તથા ગૃહસ્થોનો તથા સાધુઓનો જે આચાર હોય તે તેમનો કુલાચાર કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુલાચાર એટલે પોતાના પૂર્વજો જે આચારનું પ્રતિપાલન કરી ગયા હોય તેનું અનુક્રમે પ્રતિપાલન કરવું તે કુલાચાર કહેવાય છે. પોતાના પૂર્વજો જો ઉત્તમ જનસમુદાય પ્રશંસનીક, પરોપકારી. દયામય તેમજ દેવ, ગુરૂ, ધર્મની ભકિતનું પ્રતિપાલન કરી ગયા હોય અને તેના પછાડીના લોકોએ તેને વિષેજ તીવ્રતા રાખવી તે તો મહાન્ અખંડ પુન્યોદયનો હેતુ ભૂતપણાને પ્રાપ્ત કરનાર છે. સર્વ પૂર્વજોના પેઠે સ્વસ્વ આચારને પાળતા જે જે કાંઇ પણ ડાહ્યા લોકો બોલે છે તેના શબ્દ અનુસારે કુલાચાર વિગેરે જાણી શકાય છે કહ્યું છે કે,

**यत;**

**आचारः कुलमाख्याति, देशमाख्यातिभाषितं,**
**संभ्रमः स्नेहमाख्याति, वपुराख्याति भोजनं. ॥ १ ॥**

**ભાવાર્થ**—આચાર જે છે તે કુલને કહે છે, એટલે જે માણસ જે પ્રકારની વર્ત્તણુંક કરે તે પ્રકારે તેની કરણીથી તથા આચારથી કુલ જણાઇ આવે છે. ભાષા તે દેશદેશની જુદી જુદી હોવાથી માણસોના બોલવાથી તથા તેની ભાષા જાણવાથી જણાઇ આવે છે કે આ અમુક દેશનો છે, અને સંભ્રમ સ્નેહને કહેનારો છે અર્થાત્ કોઇક માણસને કોઇકના ઉપર રાગ હોવાથી કોઇ તેમનું નામ લે તથા ગુણગ્રામ કરે તેના શ્રવણ કરવાથી રાગીનું મન સંભ્રમવાળું થઇ અંતઃકરણ ઉલ્લાસને પામે છે. એટલે એવો સંભ્રમ સ્નેહને કહે છે; તેમજ શરીર ભોજનને કહે છે. એટલે માણસોના શરીર ઉપરથી પણ જણાય છે કે આ માણસનો આહાર આ પ્રકારનો છે, અથવા અમુક પ્રકારનો છે. દુર્બળ શરીરવાળો પ્રાયઃ કુત્સિત આહારને કરે છે એટલે જેનો આહાર સામાન્ય હોય તેનું શરીર દુર્બળ હોય તથા જેનો આહાર સારો હોય તેનું શરીર રૂષ્ટપુષ્ટ હોય છે. તેથી શરીર ભોજનને કહે છે.

એવી રીતે કુલાચાર છે તે પણ કોઇ કોઇ જીવોને સૂર્યવંશીય પલિત દેખવા થકી તત્કાળ દિક્ષા ગ્રહણ કરનાર કીર્તિધર તથા સુકોસલના પેઠે વૈરાગ્યના હેતુભૂત થાય છે.

**कीर्तिधर सुकोसलयोः दृष्टांतो यथाः**

સાકેતપુર નગરને વિષે વિજય નામનો રાજા અને તેની હિમચૂલા નામની રાણી હતી અને તેના વજ્રબાહુ તથા પુરંદર નામના પુત્રો હતા.

તે અવસરે નાગપુર નગરનો સ્વામિ દધિવાહન રાજા તેને ચૂડામણિ નામની રાણી તથા મનોહરા નામની તેની પુત્રી હતી તે મનોહરાનું વજ્રબાહુએ પાણિ ગ્રહણ કર્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિવાહ થયા બાદ કન્યાનો ભાઇ ઉદયસુંદર કન્યાને વળાવવા માટે સાથે ગયો; તે અવસરે માર્ગમાં ચાલતાં વસંત ઋતુને વિષે પર્વતના મસ્તકે ધ્યાનને વિષે રહેલા મુનિમહારાજને દેખી વજ્રબાહુએ પ્રશંસા કરી, તેથી તેનો શ્યાલક કહેતાં સાળો હસ્યો કે, તમો પણ શું તેમ કરવાના છો, એટલે ત્યાગી થઈ ધ્યાન ધરવાના છો. ત્યારે વજ્રબાહુએ કહ્યું કે હા, મ્હારે પણ તેમજ કરવાની ઇચ્છા છે ત્યારે તેના સાળાએ કહ્યું કે હું પણ તમોને સહાયભૂત થઈશ. એટલે તમારા સાથેજ દિક્ષા લઇશ.

તે અવસરે વિવાહના વેષમાં રહેલા એવા વજ્રબાહુએ હસ્તિ ઉપરથી ઉતરી પર્વતના ઉપર ચડી મુનિને વંદના નમસ્કાર કરી ધર્મ દેશના સાંભળી અને તેથી દિક્ષા લેવા સજ્જ થયો. તે અવસરે તેનો સાળો બોલ્યો કે, મેં તો હાસ્યથી તમોને કહેલું હતું માટે દિક્ષા લેશો નહિં. ત્યારે વજ્રબાહુએ કહ્યું કે, હાસ્યથી પણ કાર્યની સિદ્ધિ થઇ. એમ કહી ગુણસાગરઋષિ પાસે ઉદયસુંદરાદિક ૨૬ કુમારોના સાથે દિક્ષા લીધી તેથી મનોહરાએ પણ દિક્ષા લીધી. વિજયરાજા પણ પુત્રની દિક્ષાથી સંવેગ પામી પુરંદર કુમારને રાજ્ય આપી મોહને શાંત કરી નિર્વાણમોહ આચાર્ય મહારાજ પાસે દિક્ષા લેવા સમર્થમાન થયો.

પુરંદર રાજાને પૃથ્વી નામની રાણી હતી તે થકી કીર્ત્તિધર નામનો પુત્ર ઉત્પન્ન થયો તેને કુશસ્થળ નગરના મહારાજાની પુત્રી સહદેવી સાથે પાણિગ્રહણ કરાવ્યું; ત્યારબાદ પુરંદર રાજાએ ક્ષેમંધર ગુરૂ પાસે દિક્ષા લીધી.

ત્યારબાદ કીર્ત્તિધર રાજા થયો. અન્યદા સૂર્યગ્રહણને દિવસે સૂર્યને રાહુએ ગળેલો–ગ્રસ્ત કરેલો દેખી રાજા વિચાર કરવા લાગ્યો કે, અહો આ સૂર્ય સમગ્ર ગૃહચક્રને પોતાના તેજથી નિસ્તેજ કરનારો છે તથાપિ રાહુથી છુટતો નથી તેવીજ રીતે આ જીવ છે તે મરણથી છુટતો નથી. આવી રીતે વૈરાગ્યરંગિત થઇ દિક્ષા લેવા તત્પર થયો, પરંતુ પુત્ર નહિં હોવાથી મંત્રિવર્ગોએ વાર્યા છતાં પણ પુત્ર જન્મના શ્રવણ કર્યા થકી અવશ્ય દિક્ષા લઇશ એવો નિયમ કરી રહ્યો.

ઘણા કાળે સહદેવીને સુકોસળ પુત્ર થયો, પરંતુ મંત્રિઓએ તેને ગુપ્ત રાખ્યો તો પણ કોઇકે રાજાને કહેવાથી મુકુટાદિ સર્વ અલંકાર તથા ૧૦૦ ગામ યુકત પોષપુર નામનું નગર પુત્ર જન્મ કહેનારને દાનમાં આપ્યું.

સુકોસળ પંદર દિવસનો થયો ત્યારે કીર્ત્તિધરે તેને રાજ્યના ઉપર સ્થાપન કરી પોતે દિક્ષા લીધી અને મહા ઘોર તપસ્યા કરવા લાગ્યા.

અન્યદા મળવડે કરી મલીન થયું છે શરીર જેનું, એવા કીર્ત્તિધરમુનિ ભિક્ષા લેવા માટે દરવાજામાં જેવા પ્રવેશ કરે છે, તેવામાં મહેલના ઝરૂખા ઉપર બેઠેલી સહદેવીયે દેખવાથી રોષારૂણ થઇ પોતાના માણસો પાસે મુનિને નગર બહાર કઢાવી મુકયા, તેમજ અન્યલિંગિયોને પણ પોતાના નગર બહાર કઢાવ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારણ કે તેમની પણ વાણી મ્હારો પુત્ર સુકોસલ સાંભળશે તો દિક્ષા લઇ લેશે. આવી બુદ્ધિથી સર્વ લિંગિયોનો પ્રવેશ પોતાના નગરમાં થતો અટકાવ્યો.

આ અવસરે કીર્ત્તિધરમુનિને દ્વાર થકી બહાર કાઢેલા જોઇ સુકોસળની ધાત્રી માતા વસંતલતા દુઃખથી રોવા માંડી તેથી સુકોસળે અતિ આગ્રહ પૂર્વક પુછવાથી તે બોલી કે આ મુનિ તહારો પિતા છે, તને બાલ્યવયમાંજ રાજ્યના ઉપર સ્થાપન કરી તેણે દિક્ષા લીધી છે તે ભિક્ષા લેવાને માટે આજે અહીં આવ્યા હતા, તેને તહારી માતાયે રોષથી બહાર કઢાવી મુકયા તથા અન્યલિંગિયોનો પણ નગરમાં પ્રવેશ થતો અટકાવ્યો, વળી ઉદ્યાન તેમજ ઘોટકશાળા વિગેરે તહારે ક્રિડા કરવાના સ્થાનો ગામને વિષેજ કરાવ્યા છે.

પૂર્વે સર્વે પૂર્વજોયે અવસરે દિક્ષા લીધેલી છે તેથી આ પુત્ર પણ દિક્ષા લેશે એવું જાણી તહારી માતાયે આ પ્રમાણે કર્યું છે.

આ પ્રકારના વાકયોને શ્રવણ કરી સુકોસલ નગર થકી નીકળી પોતાના પિતા મુનિને વંદન કરી જેવો દિક્ષા લે છે, તેવામાં સુભટના ટોળા સહિત વિચિત્રમાળા નામની રાણી ગર્ભવતી હતી તે ત્યાં આવી પગમાં પડીને વિલાપ કરવા લાગી. ત્યારે સુકોસલે કહ્યું કે, તારા ગર્ભને વિષે પુત્ર છે તેને હું રાજ્યગાદી ઉપર સ્થાપન કરૂં છું એમ કહી તેને છોડી દિક્ષા લીધી. અને તે પણ નાના પ્રકારના તપને વિષે આસકત થયા.

સહદેવી પુત્રના વિયોગથી મરણ પામીને મુગ્ગિલાદ્રો કહેતા પર્વતને વિષે વાઘણ થઇ. અન્યદા તે પિતા, પુત્ર મુનિ બન્ને જણા તે પર્વતને વિષે ચતુર્માસને વહન કરી તથા ચાર માસના ઉપવાસ કરી, પારણાને માટે નગર પ્રત્યે ગમન કરતા બન્ને મુનિને દેખી વાઘણે ફાળ મારી તેવામાં સુકોસલ મુનિ શરીરને વોસરાવી ચ્યાર આહારના પ્રત્યાખ્યાન કરી કાઉસ્સગ્ગધ્યાનમાં રહ્યા. તે અવસરે વાઘણ આવી તેના ઉપર પડી અને માંસ રૂધિર વિગેરે ભક્ષણ કરવા માંડી, તે વેદનાને નહિ ગણતા સુકોસલમુનિ ભાવનારૂઢ થઇ શુકલધ્યાનમાં મગ્ન થયા અને કર્મક્ષીણ થવાથી અંતકૃત્ કેવલી થઇ નિર્વાણ પદને પામ્યા.

અહો ! અહો ! ધિક્કાર છે ! આ અસારસંસારને કે માતા પણ પોતાના અત્યંત વલ્લભ પુત્રને મારી માંસ રૂધિરાદિકનું ભક્ષણ કરે છે !!

ત્યારબાદ કીર્ત્તિધરમુનિને પણ પરમનિર્વેદ પ્રાપ્ત થયો અને તેથી તેમને પણ શુકલધ્યાન પ્રાપ્ત થવાથી કેવળજ્ઞાન પ્રાપ્ત થયું ને નિર્વાણ પદને પામ્યા.

દેવોયે આવી બન્નેનો નિર્વાણ મહિમા કર્યો.

એ રીતે કુલાચારથી આરાધન કરેલો ધર્મ પણ મહા ફલને આપનારો થાય છે.

इति कुलाचारे कीर्तिधरसुकोसलसंबंधः संपूर्णः

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## દુર્લભ મનુષ્ય દેહ વ્યર્થ ન ગુમાવવા.

## વીરપુત્રોને વિજ્ઞપ્તિ.

**એક ભજન લય.**

મનુષ્ય ભવ શામાટ ગુમાવો ? આમ વીરના પુ........ત્રો.
જતાં કાળને વાર ન લાગે, ભૂલાવશે ત્હને ભાઈ;
પ્રભુ કિરતનમાં લય લગાડી, કર પરમાર્થ કામ સંભાળી,
જિનવર ચિત્તમાં ધ્યાઈ. મનુષ્ય૦
ચિંતામણી તુજ કર હા ? આવ્યો, લે લ્હાવો શ્રીકારી.
દશ દ્રષ્ટાંતે દોહીલ જાશે, પછી પડશે વિચારી,
જિનને તું એક ચિત્તમાં ધારી, ભકિત રસને લે અવધારી.
" દાસ " પ્રભુ ગુણ ગાઇ. મનુષ્ય૦

**લલીતાંગ.**

## નીતિ અને નૈતિક કેળવણી,

**લેખક નરોતમદાસ બી. શાહ.**

( અસલ તેઓના ઇંગ્લીશ ઉપરથી ભાષાંતર. )

પૈસાની જરૂર નથી; સત્તાની જરૂર નથી; ચાલાકીની જરૂર નથી; સ્વતંત્રતાની જરૂર નથી; તંદુરસ્તીની પણ જરૂર નથી પણ માત્ર ચારિત્ર–પૂર્ણ રીતે કેળવેલી ઇચ્છા શકિતની જરૂર છે કે, જે એવી ચીજ છે કે આપણને ખરેખરી રીતે બચાવશે અને જો આપણને આ રીતે બચાવવામાં નહિ આવે તો ખરેખર આપણે શિક્ષાને પાત્ર છીએ. **—પ્રોફેસર બ્લેકી.**

કેટલોક વખત થયા નૈતિક કેળવણી એક સામાન્ય વિચારનો વિષય થઇ પડેલો છે. ઘણા વિદ્વાન્ અને સાક્ષરોએ તે વિષય ઉપર પોતાના વિચાર દર્શાવ્યા છે અને હજુ પણ ઘણો વખત સુધી મનુષ્ય જાતિના લાભ માટે એ વિષય તરફ ઉંડા વિચારકો પોતાનું ધ્યાન દોરશે, કારણ કે માણસની આબાદીમાં નૈતિકબળ અથવા નૈતિક પૈસો ઓછો ભાગ ભજવતું નથી. હાલની અને ભવિષ્યની પ્રજાને નૈતિક કેળવણી આપવાની જરૂરીઆત જુદા જુદા મતના દરેક વિદ્વાને સ્વીકારી છે પણ મુદ્દાનો સવાલ ખરેખર ગોટાળા ભરેલો છે; આપણને જે જરૂરનું છે તે આ સવાલનું માત્ર વ્યાવહારિક નિરાકરણજ છે. અને તે લાવવા માટે આપણે નૈતિક અને ધાર્મિક કેળવણીના ક્ષેત્રમાંથી કેટલેક અંશે પસાર થવું પડ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શે. નીતિનો શું અર્થ છે તે તો ઘણું ખરૂં બધા સમજે તેમ છે. નીતિના તત્વોનો વિચાર આપણને ઘણોજ આનંદ આપે છે પણ તે વિચારનો અમલ ખરેખર આપણને વધારે આનંદનું પાત્ર થવો જોઇએ. નીતિ એ શું છે? તે તારાની માફક અત્યંત ચળકતા ગુણોનો સમુહ છે. માણસ ખાન, પાન અને મોજ ઉડાવવા માટે જન્મેલ નથી, પણ જ્યારે તેણે નીતિના તત્વોનું પાલન કરવાને પરમાત્માને વારંવાર વચનો આપ્યા ત્યારેજ તેને ગર્ભાશયની વેદનામાંથી મુકત કરવામાં આવ્યો હતો. નીતિ એ સ્વર્ગ તરફનો ભવ્ય અને પ્રકાશિત રસ્તો છે અને અનીતિ તે નર્ક તરફનો અંધકારમય રસ્તો છે. ખરેખરૂં જ્ઞાન જો કાંઇ અહિં મેળવવાનું હોય, તો તે નીતિ જ છે. માત્ર નીતિવાન માણસોજ આ દુનિયામાં અને બીજી દુનિયામાં સુખી રહે છે. નીતિ વિનાનો સુધારો માત્ર મુગટ વિનાનો રાજા, ચંદ્ર વિનાની રજની, અને મીઠા વિનાનો ખોરાક એની બરોબર છે. એક માણસ ગમે તેવો વિદ્વાન હોય પણ જો તે નિતિ વિરૂદ્ધ જીવન ગાળે, તો આ દુનિયામાં દગા ફટકા કરવાને પાત્ર થાય છે. સામાજીક અને દુનિયાદારીના કાર્યો નીતિ અને ધાર્મીક કેળવણીમાંથી જુદા પાડી શકાયજ નહિ. ધાર્મીક કેળવણીની જરૂરીઆત છે એમ ઘણા વખતથી દાબીને કહેવામાં આવ્યું છે, પણ તેનું કાંઈ સંતોષકારક ફળ આવ્યું નથી. આપણી આ શોચનીય સ્થિતિનું કારણ ઘણે અંશે ધર્મ વિનાની કેળવણીના બંધારણને લઇનેજ છે. કોઇ પણ દેશની આબાદીનું પ્રમાણ ત્યાંના હુન્નર ઉદ્યોગ કરતાં ત્યાંના નૈતિકબળ ઉપરથી આંકી શકાય છે. કારણ કે કોઈ પણ રાજ્યનો પાયો તેના ઉપર રચાયેલો છે. અનીતિને પગલે ચાલવાથી ઘણા કુટુંબો પાયમાલ થયાં છે અને અનીતિથી પાયમાલ થયેલાં ઘણાં માણસોના દાખલા આપણા ઇતિહાસમાંથી મળી આવશે. મનુષ્યની આબાદી અને શાંતિનો અનીતિ એ મોટો શત્રુ છે. એવા પાયમાલ થતા ઐતિહાસીક દાખલાને દૂર કરવા માટે હાલની કેળવણી ધાર્મીક અને નૈતિક તત્ત્વોના બંધારણ ઉપર અપાવી જોઇએ. હાલની કેળવણીના બંધારણનું જેવું તેવું અવલોકન સાધારણ માણસને પણ ખાત્રી કરી આપશે કે ધાર્મીક તત્વોના પોષણ અને ખીલવણી માટે બહુજ થોડું ધ્યાન આપવામાં આવે છે. બચપણના ચોમાસામાંજ નીતિના બીજો વાવવા જોઇએ, તેમને પાણીનું સિંચન કરવું જોઇએ અને યોગ્ય પોષણ આપવું જોઇએ. જુવાનીના ભર ઉનાળામાં નીતિના બીજો વાવી શકાય નહિ, ઉગાડી શકાય નહિ તો પછી ફળ મળેજ કયાંથી? આવી રીતે ઉનાળામાં વાવેલા બીજો મનના ઉજજડ મેદાન ઉપરજ નાંખવામાં આવે છે કે જે મન વીજળીની ઝડપ કરતાં પણ વધારે ઝડપથી દુનિયાના મોજશોખ પછવાડે ભમે છે.

ઉચ્ચ કેળવણીમાં ધાર્મિક વિચારોનું શિક્ષણ તદ્દન નિષ્ફળ થયું છે તેનું કારણ માત્ર રૂતુ વિનાનું વાવેતર જ છે. તેથી જૈન સમાજના લાભ માટે ધાર્મિક અને નૈતિક કેળવણીની હાલના જમાનામાં પૂરતી આવશ્યકતા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈનોન્નતિ.

( સાંધન પાનું ૨૯૨ )

એક ધર્મ તથા ધર્મપાલકોની ઉન્નતિનો વિચાર કરતી વખતે ઉન્નતિની સાધારણ વ્યાખ્યા જાણવાને માટે પ્રયત્ન કરવો જોઇએ. ધર્મની ઉન્નતિ એટલે શું? એ ઘણો કઠીન પ્રશ્ન છે. ધર્મના મુખ્ય સિદ્ધાંતો–તત્ત્વો, તેની રચના, તેનો વિસ્તાર અને તેના પાલકોની સ્થિતિ, આબાદાની. આ ચારમાંથી કેઇ બાબતમાં સુધારો અને વધારો કરવાનો છે એ વિચારવા જેવો વિષય છે. કેટલાક ધર્મોના સિદ્ધાંતો–તત્ત્વોની રચના એહવા પ્રકારની છે કે તેના માટે હજુ પણ શોધખોળ ચાલે છે, અને તેમાં ફેરફાર કરવાની જરૂર આ જમાનામાં તે તે ધર્મના અનુયાયીઓને જણાઇ છે. જૈન ધર્મના સિદ્ધાંતો-તત્ત્વોનો વીકાસ કરનાર અગાધ જ્ઞાનવાળા હતા. તેઓએ પોતાની જ્ઞાનદૃષ્ટિથી વસ્તુનું સ્વરૂપ અને સ્વભાવ યથાર્થ રૂપમાં જોયો અને જાણ્યો. જે નવતત્ત્વ, ખટદ્રવ્ય, નય, નિક્ષેપા, સપ્તભંગી અનેકાંતવાદ. વિગેરે દ્રવ્યાનુયોગનો પ્રકાશ કર્યો છે. દરેક દ્રવ્યના ગુણપર્યાયનું યથાર્થ સ્વરૂપ શાસ્ત્રીમાં જણાવ્યું છે. તે એટલું બધું તો સંપૂર્ણ છે કે જમાનાના જમાના ગયા, અને જશે તો પણ તેના સ્વરૂપના પ્રકાશમાં કંઇ અપૂર્ણતા જણાશે નહીં. ઉલટું આ શોધખોળના જમાનામાં તેની વિશેષ પ્રતીતિ થાય છે. જે ઉપરથી તેના પ્રકટ કરનાર તિર્થંકર ભગવંત અને કેવળજ્ઞાની માહારાજના જ્ઞાન અને તેમના ગુણો માટે આપણને બહુ માન ઉપ્તન્ન થાય છે.

વનસ્પતીમાં જીવ છે એ વાત વર્ત્તમાન શોધખોળથી જણાવવામાં આવે છે. અને તેઓ હવે માને છે કે તેમાં જીવ છે. પાણી જીવ છે. અને પાણીના એક બિંદુમાં ઘણાં ત્રસ જીવો છે. એ વાત દાક્તરોએ સૂક્ષ્મદર્શક યંત્રની મદદથી મુકરર કરી છે. ઉકાળેલા–ઉન્હા કરેલા પાણીમાં પણ અમુક કાલ પછી જીવ ઉપ્તન્ન થાય છે, એની ખાત્રી પણ થઇ છે. ઠંડા પાણીના પાવર કરતાં ઉકાળેલું પાણી પીવાથી તંદુરસ્તીને વધુ ફાયદાકારક છે. અને તેથી કેટલાક રોગ થતા અટકે છે. ઉપવાસ કરવાથી અને મિતાહારથી ફાયદા છે, થએલા રોગોનો નાશ કરવાને અને નવીન થતા રોગોનો અટકાવ કરવાને તેની આવશ્યકતા છે. એ માન્યતા દિવસે દિવસે દૃઢ થતી જાય છે. માંસાહાર કરતાં વનસ્પતી ખોરાકથી વધુ ફાયદા છે. અને તેથી તંદુરસ્તી વધુ સારી રહે છે. એટલું જ નહીં પણ શારિરીક બળ વધારવાને અને ટકાવી રાખવાને વનસ્પતી ખોરાક તેના કરતાં વધુ ચઢીઆતો ખોરાક છે, એ વાતની સત્યતા લોકોને સમજવા લાગી છે. દારૂથી દેશને નુકશાન છે, અને દેશની આબાદાની કરવાને દારૂના પીણાની બંદી થવાની અગત્યતા ખુદ માહારાજા જ્યોર્જને હાલની જર્મન લઢાઇના પ્રસંગે જણાઇ આવી છે. તેઓએ પોતાના દે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શમાં તેનો અટકાવ કરવા પોતે જાતે તેનો ઉપયોગ બંધ કરવાની સાથે પોતાના આખા કુટુંબમાં તેનો અટકાવ કર્યો છે, તેથી ઈંગ્લાંડ અને બીજા દેશના લોકોનું તે તરફ લક્ષ ખેંચાઇ તેનો અટકાવ કરવાના પ્રયત્ન શરૂ થઈ ગયાં છે. શબ્દ પુદ્ગળ છે. એવું જૈન શાસ્રકારોએ પ્રકાશ કરેલું, ત્યારે શબ્દ એ આકાશ છે, એવું બીજા દર્શનકારોએ ઠરાવેલું અને તેના માટે અરસપરસ ઘણા વાકૂયુદ્ધો થએલાં, છતાં આખરે એડિસને ફોનોગ્રાફની શોધે શબ્દ પુદ્ગલ છે, એ વાતની સાબિતી કરી આપી છે. ઇત્યાદિ ઘણી બાબતો એહવી છે કે જમાનાની શોધખોળથી જૈન તત્ત્વોની પ્રતિતી થાય છે, અને થતી જશે. જે વાતો હાલની શોધખોળથી જાણી જન સમાજ ચમત્કાર પામે છે, ત્યારે એજ વાત ઘણા પ્રાચીનકાળથી જૈન શાસ્રકારોએ પોતાના જ્ઞાનથી જણાવી છે. આ ઉપરથી જૈન તત્ત્વો સંપૂર્ણ અને ઉન્નત છે કે તેની ઉન્નતિના વિચારને જગ્યા જ નથી.

જૈન તત્ત્વોની વિચારણા પછી તેના પાલનાર ચતુર્વિધ સંઘ-તીર્થની સ્થાપના પણ પૂર્ણ છે. ચતુર્વિધ સંઘ-સાધુ, સાધવી, શ્રાવક અને શ્રાવિકા. આ સ્થાપના પણ પૂર્ણ છે કે તેમાંથી એક પણ ઓછું અથવા વધતું કરી શકાય તેમ નથી.

ત્રીજી અને ચોથી બાબતોનો જ ખાસ વિચાર કરવા જેવો છે, અને તેના ઉપર વખતો વખત ક્ષેત્ર અને કાળની અસર થાય છે. તે અસરના પરિણામમાં અવનતી અથવા ઉન્નતિનું ચક્ર ફર્યા કરે છે,

ભગવંત માહાવીર સ્વામીના કાળથી જ આપણે વિચારણા ચલાવીએ. ભગવંત માહાવીર સ્વામી જે વખતે પાવાપુરીમાં મોક્ષ પધાર્યા, તે વખતે ૧૮ દેશના રાજાઓ તેમની હજુરમાં દેશના સાંભળવામાં હાઝર હતા, ત્યારથી તે છેવટમાં શ્રી કુમારપાળરાજાના વખત સુધીનો ઇતિહાસ તપાસતાં તેનો વિસ્તાર જેટલા ક્ષેત્રમાં હતો તેમાં ઘણી ન્યુનતા થઇ છે, ક્ષેત્રની ન્યુનતા થવાની સાથેજ તેના પાલકોની સંખ્યા કમી થાય એ સહાજીક છે, એટલુંજ નહી પણ કાળદોષથી તેમાં પેટા વિભાગો થાય છે, અને તેના લીધે શુદ્ધ ધર્મના અનુયાયીઓની સંખ્યા ઘણીજ થોડી રહી છે.

દેશ અને રાજ્યના વિસ્તાર અને આબાદાનીના વધારા અને ઘટાડાના કારણોની ઇતિહાસની દ્રષ્ટિથી વિચાર કરીએ છીએ તે વખતે તેના જે કારણો આપણને માલમ પડે છે, તે તમામ અથવા ઓછાવત્તા આજ વિષયને લાગુ પડે છે, એમ જણાય છે.

ભારત વર્ષમાં જે કાળમાં વિદેશીઓનો પ્રવેશ થગેલો ન હતો, અને હિંદનું સાર્વ ભૌમત્વ હિંદના મહારાજાઓના હસ્તકમાં હતું, તે વખતની આ દેશની અને આ દેશના વતનીઓની આબાદાની અને તેમની સુખસાહિબી એટલી બધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉન્નત હતી કે તેની કીર્તિ સાંભળી વિદેશી પ્રજાની દ્રષ્ટિ આ તરફ વળી અને આ દેશ મેળવવાને તેઓએ વિગ્રહો કર્યા, જેના પરિણામમાં આજે આ દેશ બ્રીટીશ શહેનશાહતના તાબામાં આવ્યો છે. બ્રિટીશ રાજ્ય ધુરંધરોએ આ દેશમાં રાજ્ય સ્થાપનની શરૂવાત કરી તે વખતે દેશમાં ચાલતી છીન્નભિન્ન સ્થિતીનું બારિક અવલોકન કરી આ સુલેહ શાંતી સ્થાપવા અને હિંદમાં પોતાનું સાર્વ ભૌમત્વ ચીરસ્થાયી થાય તેના માટે વખતો વખત જે સુધારા અને વધારા કરવા રાજ્ય બંધારણમાં ફેરફાર કરી દેશીઓનાં દિલ જીતી લેવાને જે મહાન પ્રયત્ન કર્યો છે, અને જેનાથી આપણે સુખ ભોગવીએ છીએ તેનો ખાશ અભ્યાશ કરવા જેવું છે.

ભગવંત મહાવીર સ્વામી મોક્ષે પધાર્યા ત્યાર પછી તેમની પાટે છેવટના કેવળી ભગંવત જંબુસ્વામી થયા. અને તેમના પછી આ દેશમાં કાળના પ્રભાવે કેવળ જ્ઞાનાદિ કેટલીક મહત્વની ઊંચ વસ્તુનો વિચ્છેદ થયો, આચાર્ય વર્ય ભદ્રબાહુ સ્વામીના કાળ પછી સંપુર્ણ ચૌદ પુર્વના અર્થ સહિતના જ્ઞાનનો અને સ્થુલીભદ્ર માહારાજના કાળ પછી પુર્વના જ્ઞાનનો સમુળગો વિછેદ થયો, એટલે કાળદોષથી જ્ઞાનની ઓછાશ થઇ, અને અલ્પ સત્વવાન જીવો ઉત્પન્ન થવાથી જે કંઇ અપુર્ણ જ્ઞાન તેમણે મેળવ્યું હતું તેનું સત્વ તેમનાથી જીરવી શકાયું નહી, અને જ્ઞાનનો કેફ ચઢવાથી તેઓએ જુદા જુદા મંતવ્યો ઉભા કરી આંતર વિગ્રહોની શરૂવાત કરી પેટા વિભાગો ઉભા કર્યા. ખુદ ભગવંત માહાવીર સ્વામીના કાળમાં તેહવા જીવો ઉત્પન્ન થયેલા હતા, પણ પોતે કેવળજ્ઞાન ભાસ્કર હોવાથી તુરતજ પ્રકાશ નિકળતા અંધકારનો નાશ કરતા હતા, અને સત્ય વસ્તુ જણાવતા હતા. પણ કેવળજ્ઞાનના અભાવ પછી તેવા પ્રકારના જીવોની સ્વછંદતા વધતી ચાલી અને પેટા વિભાગો ઉત્પન્ન થવા લાગ્યા. અને કેટલાક કાયમ રહ્યા.

દેશ ઉપર પરચક્રનો ભય આવે તે વખતે રાજાઓને તે પરચક્રથી દેશનું રક્ષણ કરવાને માટે પોતાનું સંપુર્ણ લક્ષ રોકવું પડે છે, તેહવા સમયમાં દેશની આંતર વ્યવસ્થા તરફ જોઇએ તેટલું લક્ષ આપી શકાય નહી, એ સ્વભાવિક્ર નિયમ છે. વર્તમાનમાંજ જુઓ જર્મન વિગ્રહના લીધે આપણા શહેનશાહ અને રાજ્ય કારભારીઓને વિજય માટે સંપુર્ણ લક્ષ રોકી બળનો ઉપયોગ કરવો પડયો છે, તેના લીધે ગ્રેટબ્રિટન અને હિંદના પેટા વિષયોની ચર્ચાઓને મુલત્વી રાખવી પડી છે. તેજ ધોરણસર આપણા જૈન ધર્મની અંદર જે જે વખતે અલ્પ સત્વવાન જીવોને ઉન્માદ થવાથી મિથ્યા કલ્પનાઓ ઉભી કરી મિથ્યાત્વ ફેલાવવા પ્રયત્ન કરવાની શરૂઆત કરતા તે વખતે તે મિથ્યાત્વનો નાશ કરવા પુર્વાચાર્યોને પ્રયત્ન કરવો પડતો અને પોતાનો વખત તેમાં રોકવો પડતો હતો. એહવા વખતમાં આંતર પ્રદેશ તરફ જૈન આચાર્ય અને ધર્મ ધુરંધરોથી યોગ્ય લક્ષ ન અપાય એ શહાજીક છે. તેથી આંતર પ્રદેશમાં ક્રિયા અને આચાર વિચારમાં પ્રમાદ દોષની શરૂવાત થઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને તે વધતો ચાલ્યો, ને તેથી જૈન ધર્મના શુદ્ધ અનુયાયીઓની સંખ્યામાં દિવસે દિવસે ઘટાડો થવા લાગ્યો. સમ્યક્ શ્રદ્ધાનમાં ફેરફાર થયો, સ્થાપના નિક્ષેપા ઉપર આક્ષેપ ઉભો કરી લુંકાશાહે ઢુંઢક મત ઉભો કર્યો. દિગંબર મત ઉભો થયો, અને તેના પણ પેટા વિભાગો થયા, એમ છિન્નભિન્ન સ્થિતિ થવાથી મૂળ પાળકોની સંખ્યાના પણ વિભાગ પડી ગયા. તેથી શુદ્ધ અને સત્ય પ્રદેશની સીમા ઘણી ઓછી થઈ ગઈ.

સત્યના ઉપર ગમે તેટલા ઢાંકપિછોડો કરવામાં આવેલો હોય પણ આખરે સત્ય પોતાનાજ સ્વરૂપમાં પ્રસંગ આવે પ્રકટ થયા શિવાય રહેતું નથી. સૂર્ય ઉપર વાદળાં ફરીવળવાથી અંધકાર છવાઇ જાય છે, તેવા વખતમાં સુર્યની મૂળ પ્રભાને કંઇ અસર થતી નથી. પવનના ઝપાટાથી વાદળાં વિખરાઇ જવાની સાથેજ તેનો પ્રકાશ પ્રકટ થાય છે. તે નિયમાનુસાર વિક્રમની અઢારમી સદીએ સરસ્વતી બિરૂદધારી પંન્યાસવર્યશ્રી સત્યવિજય પંન્યાસનું આ આંતરપ્રદેશ તરફ લક્ષ ગયું અને ગુરૂની આજ્ઞાથી ક્રિયા ઉદ્ધાર કરવાની અને સત્ય સ્વરૂપ પ્રગટ કરવાની આજ્ઞા માગી. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના જાણ આચાર્ય માહારાજે આજ્ઞા આપી. તેમણે સુદ્ધ સંવેગ પક્ષની ઓળખાણને સારૂ સાધુ, સાધવીમાં શ્વેત વસ્ત્રને બદલે પિતવસ્ત્ર દાખલ કર્યાં અને શુદ્ધ અનુષ્ઠાન, શુદ્ધ સાધુ ધર્મ કહેવા પ્રકારનો હોય છે, તે તેમણે પોતાના વર્તનથી બતાવી આપ્યું. તેજ કાળમાં ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી કે જેઓની કૃતિઓ જોઇને શરીર રોમ રોમ વિકસ્વર થાય છે: તેઓશ્રીએ પણ શુદ્ધ ધર્મના પ્રકાશાર્થે અને સ્થાપના નિક્ષેપાના વિરોધીઓ સામે પોતાના બળનો સંપૂર્ણ ઉપયોગ કર્યો તે શીવાય પણ બીજા ઘણા મહાન પુરૂષોએ ધર્મની પ્રભાવનાના માટે પ્રયત્ન કર્યો છે.

ગુજરાત અને કાઠીયાવાડમાં પેટા પંથોનો જે પ્રમાણમાં જમાવ થયો હતો તેના કરતાં પંજાબ અને મારવાડ તથા મેવાડમાં વધુ પગભર જમાવ થયો હતો. કાળની ગતિ વિચીત્ર છે, ઢુંઢક પંથ કે જે હાલમાં સ્થાનકવાસી એહવું નામ ધરાવે છે, તેમના અંદર ઘણા ભદ્રિક જીવો વસ્તુ સ્વરૂપ યથાર્થ જાણે છે, અને ભગવંતની સ્થાપના મૂર્તિપૂજા સસાસ્ત્ર છે, એ વાત સારી રીતે જાણે છે, છતાં પોતે તે છોડી સત્ય પ્રદેશમાં પ્રયાણ કરી શકતા નથી. ત્યારે સત્ય શોધક અને અને આત્મહિતેષીઓ વસ્તુનું યથાર્થ સ્વરૂપ જાણતાં સત્ય સંવેગ પક્ષનો સ્વીકાર કરવાને પાછી પાની કરતા નથી.. અને એહવી ઘણી વ્યકિતઓએ સંવેગપક્ષ અંગીકાર કરી પોતાનું આત્મકલ્યાણ કર્યું છે. એ વ્યકિતઓમાં મહુંમ જૈનાચાર્ય ન્યાયાંભોનિધિ આત્મારામજી ઉર્ફે આનંદવિજયજી મહારાજે ઢુંઢકમાંથી સંવેગપક્ષની દિક્ષા અંગીકાર કરી અને મૂર્તિપૂજા સશાસ્ત્ર છે, એ વાત જાહેર રીતે પ્રતિપાદન કરી, જેના પરિણામે પંજાબમાં અંધકાર કમતી થતો ગયો, અને સ્થાને સ્થાને જૈન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચૈત્યો અને જીનબિંબની સ્થાપના થવા લાગી. અને શુદ્ધ શ્રદ્ધાના ઉપાસકોનો પ્રદેશ વધતો ગયો.

મહુંમ આત્મારામજી મહારાજ જૈન સિદ્ધાંતના સ્વરૂપના યથાર્થ જાણકાર હોવાની સાથે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના જાણકાર હતા. તેથી સ્વમતની ઉન્નતિ કરવાની સાથે હીંદ અને હીંદ બહારના પ્રદેશમાં અન્યદર્શનીઓમાં પોતાની પ્રભાનો પ્રકાશ સારો પાડી શકયા હતા. અને જૈન ધર્મ એ પ્રાચિન ધર્મ છતાં અર્વાચિન છે, એવી જે ભાવના કેટલાકના મનમાં ઉત્પન્ન થઇ હતી તેનો વિચ્છેદ થયો. ન્યુયોર્કની ધર્મ પરિષદ્દમાં પોતાના તરફથી મહુંમ ગાંધી વિરચંદ રાઘવજીને જૈન ધર્મ ઉપર એક નિબંધ લખી મોકલ્યા હતા. તે નિબંધના વાંચન પછી તે દેશમાં પણ જૈનધર્મ સંબંધી વિચારણા વધી છે.

આવી સ્થીતિમાં ઉદય અને અસ્તના નિયમાનુસાર જૈન ધર્મના આંતર પ્રદેશમાં કંઇ વિગ્રહ પાછો શરૂ થયો. અને શાસન નાયકોના વચમાં નજીવા અને ક્ષુલ્લક વિષયોમાં મતભેદ ઉભા થઇ વાક્યુદ્ધ શરૂ થયાં, શ્રાદ્ધવર્ગ દૃષ્ટિ રાગમાં અને વિવેકાવિવેક જોઇ શકવાની શક્તિ ગુમાવી પક્ષાપક્ષમાં જોડાયા. તેથી આંતર પ્રદેશના અનુયાયીઓની શ્રદ્ધા અસ્થિર થઈ ગઇ છે. અને જૈનેતર પ્રજાનો જો કે જૈન ધર્મ ઉપર નહીં પણ ધર્મના પ્રવર્ત્તકોના સંબંધમાં અવિશ્વાસ ઉભો થયો છે. જે ધર્મ શાંત અને દયામયી છતાં ક્રોધ અને દ્વેષનો પક્ષ કરી એક બીજાની લાગણીઓ દુઃખાવે એહવા ખોટા ખોટા આક્ષેપો એક બીજાના ઉપર કરે પોતે જે કરે તે જૈન ધર્મની ઉન્નતિના અર્થે કરે છે, અને બીજા કરે છે એ શાસ્ત્ર વિરૂદ્ધ છે, એહવા મિથ્યાજ્ઞાનનો આશ્રય લે. જે ધર્મનો પાયો શુદ્ધ ન્યાયનો છતાં ન્યાયનો પક્ષ છોડી દેવામાં આવે, પોતે માની લીધેલા સાધુ અને મુનિ પછી તેઓ વિદ્વાન અને શાસ્ત્રજ્ઞ હોય કે ન હોય, તેઓ શુદ્ધ ચારિત્રવાન હોય કિંવા ન હોય તો પણ તેમને માટે પોતાનું તન, મન, ધન તૈયાર અને બીજા ગમે તેહવા વિદ્વાન હોય, શુદ્ધ ચારિત્રવાન હોય છતાં દુધમાં પોરા જોવાની બુદ્ધિ ઉત્પન્ન કરી તેમના ઉપર ગમે તેહવા આક્ષેપો કરવા ને બાકી રાખવામાં ન આવે, આહવી સ્થિતી જોઇ કયા શુદ્ધ શાસન ભક્તની આંતર લાગણી દુઃખાયા શિવાય રહેતી હશે ? આહવો ને આહવો બનાવ ચાલુ રહ્યા કરે તો પછી હાલના વધતા જતા જમાનામાં ધર્મ અને તેના પાલકોનો ટકાવ થઇ રહેવો ઘણો મુશ્કેલ થઇ પડશે. આહવી વસ્તુ સ્થિતિમાં કહેવા ઇલાજો ધર્મોન્નતિ નિમિત્તે યોજાવા જોઇએ, એ ઘણો વિચારણીય પ્રશ્ન છે.

એશિઆખંડની છેક પૂર્વમાં આવેલા એક નાના દેશ જાપાને ગઇ અઠધી શદીમાં જે જાગૃતિ બતાવી. પોતાના દેશની ઉન્નતિ કરી છે, તે કયા કારણોથી કરી છે. તે કારણો જાણવાથી આપણને વર્ત્તમાનમાં આગળ વધવાને કઇ દિશા જડી આવશે એમ જણાય છે. તેના સંબંધે એક પુસ્તકમાં નિચે પ્રમાણે જણાવ્યુ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"દેશ નાહનો હતો તેથી પરદેશવાળાઓએ તે દેશમાં વેપાર કરવા માટે તેની મરજી વિરૂદ્ધ કેટલાંક બંદરો ખુલ્લાં મુકાવ્યાં. ત્યારપછી તેમાં સ્વદેશાભિમાનની લાગણી જાગૃત થઈ તે ઉપરથી દેશમાં દરેક બાબત પશ્ચિમની પ્રજાઓનું અનુકરણ કરી, ફાયદાકારક સુધારા વધારા દાખલ કર્યા; અને ચાલતા જમાનાના કાળ સાથે તરવા માંડયું. **જાપાનો જાગીરદારો તથા પ્રજાઓ પોતાની સ્વાર્થ બુદ્ધિનો ત્યાગ કરી દેશના ભલા માટે તન, મન અને ધન આપવા તૈયાર થઇ ગયા.** બાદશાહે પણ પોતાની નિરંકુશિત સત્તાનો દેશના ભલાની ખાતર ભોગ આપી પ્રજાકીયમત પ્રમાણે રાજ્ય કારભાર ચલાવવા બંધારણ બાંધ્યું. તેના પરિણામે જાપાન દુનિયામાં પહેલા વર્ગનાં રાજ્યોની પંકિતમાં આવી ગયું છે.

"જુઓ જાપાનનું વૃત્તાંત"

જૈન શાસ્ત્રકારોએ એહવું ફરમાન કરેલું છે કે જે આદરવા લાયક હોય તે આદરવું, ત્યાગવા લાયક હોય તે ત્યાગવું, અને જાણવા લાયક હોય તે જાણવું એ આત્મ ઉન્નતિ ઇચ્છકની ફરજ છે.

ધર્મના પાલકો યાને અનુયાયીઓની સ્થિતિ અને વર્તનમાં જે ફેરફાર થયો છે, અને ઉંચ પ્રદેશમાંથી નિચાણના પ્રદેશ તરફ પ્રયાણ થયું છે, તે તરફ દરેક જણનું લક્ષ ખેંચવાની જરૂર છે. તેમના મનમાં એહવી સ્ફુરણા થવી જોઇએ કે આપણે હાલમાં જે સ્થિતિમાં છીએ, તેના કરતાં બીજો ઉન્નતિનો પ્રદેશ છે, અને તે તરફ પ્રયાણ કરવાની આવશ્યકતા છે.

વર્ત્તન અને આચાર વિચારમાં ફેરફાર થઇ ઉચ્ચ પ્રદેશમાં જવાને બદલે નિચ પ્રદેશ તરફ પ્રયાણ થવા લાગ્યું છે. તે અટકાવવાને ચારે તરફ પ્રયત્ન થવો જોઇએ.

પ્રથમ આપણે શ્રાવક અને શ્રાવિકા ક્ષેત્ર તરફ લક્ષ દેઇ તપાસ કરીએ છીએ તો આપણને માલુમ પડે છે કે શાસ્ત્રકારોએ તેમના જે આચાર અને વિચાર બતાવ્યા છે, તે પ્રમાણે ચાલનારા દર હજારે પાંચ નંબર પણ નિકળવા મુશ્કેલ છે.

કેટલાક સ્થળો તો એહવા છે કે જેઓ ફકત શ્રાવકને ત્યાં જન્મ્યા છે અને હમે શ્રાવક છીએ એટલુંજ જાણે છે. પોતાના દેવ, ગુરૂ અને ધર્મ સ્વરૂપ જાણવાનું તો બાજુ ઉપર રહ્યું પણ તેમની પાસે જવું તો કેમ વર્તવું તેનો વિવેક પણ જાણતા નથી. જૈન શાસ્ત્રકારોએ અમુક આચરણથી શ્રાવક બાહ્યલીંગથી ઓળખી શકાય એહવું ફરમાવેલું છે તેથી પણ વિપરીત આચરણવાળા હોય છે. ગુરૂ માહારાજ તેમના ગામમાં જઇ તેમને ઉપદેશ આપે છે અને તેમના આચાર તેમને જણાવે છે ત્યારે કેટલાકો સુદ્ધાચાર પાળવાને તૈયાર થાય છે. ગામડાઓની વાત તો બાજુ ઉપર રહી પણ જૈનોની જેમાં ઘણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્તી છે એહવા શહેરોમાં જ્યાં દેવ, ગુરૂની જોગવાઇ ઘણા ભાગે હમેશ હોય છે, ત્યાં પણ કેટલાક જૈનોની આચારણા તદ્દન જૈનધર્મના ફરમાનથી વિપરીત હોય છે. જૈનોની અધોગતિના કારણોનો તપાસ કરવા બેસીએ છીએ, તો આપણને સ્પષ્ટ માલમ પડે છે કે, જૈનોમાં મિથ્યા વિચારો, આચારો તથા સંસ્કારો એટલા બધા દાખલ થઇ ગયા છે કે તેમાં જ્યાંસુધી ફેરફાર થઇ સમ્યક્ વિચારો, આચારો તથા સંસ્કારો દાખલ થાય નહી ત્યાંસુધી કદાપી પણ જૈન પ્રજા ઉન્નતિની દિશાએ પોંહચવાની નથી.

જે જે મિથ્યા વિચારો, આચારો અને સંસ્કારો દાખલ થઇ ગયા છે, તે મિથ્યા છે, એ વાત સારી રીતે જાણ્યાં છતાં તે છોડવાની અને તજી દેવાની જાહેર હિંમત જૈન પ્રજામાં ઘણા ભાગે નથી. જો જૈન પ્રજાએ પોતાની ઉન્નતિ કરવી હોય તો પ્રથમ તેમણે પોતાની આખી કોમમાં આ ગુણ ઉત્પન્ન કરવો જોઇએ. જયાંસુધી આ ગુણ ઉત્પન્ન થશે નહી, ત્યાંસુધી કદી પણ જૈન પ્રજાની ઉન્નતિ થવાની નથી. વાત તો વ્યાજબી છે. અને એમ થવું જોઇએ, એમ બોલનાર અજ્ઞાન લોક અને બૈરાંની વાતો અને નિંદાથી ડરી જઇ તેનો અમલ કરવાના પ્રસંગે પાણીમાં બેશી જાય છે. આ શું પુરૂષાર્થનો ગુણ છે. જો અમને આમજ ચાલ્યા કરે તો પછી સૈકાના સૈકા જાય તો પણ મિથ્યાત્વનો નાશ થવાનો નથી. અને મિથ્યાત્વનો નાશ ન થાય તો પછી જૈનો જૈન હોવાનો દાવો કેવી રીતે કરી શકે ?

અપૂર્ણ.

**વકીલ નંદલાલ લલુભાઈ—વડોદરા.**

## યતિઓની સાહિત્ય સેવા.

**( શેઠ પ્રેમચંદ રતનજી—ભાવનગર. )**

( ગતાંક પૃષ્ટ ૨૫૧ થી શરૂ )

ઇત્યાદિક મોટા નગરને વિષે અઢાર વર્ણ.—

ઘાંચી, ઘાછા, મોચી, મણીયાર, મેંણા, મેર, સૂઈ, (સઇ), સૂતાર, ચૂનીગર, ચીતારા, છીંપા, શિલાવટ, સીસગર, તુરક, તંબોલી, તેરમા, તીરગર, ઠઠારા, મઠારા, લોહાર, લૂણગર, લબાંના, ભોપા, ભરડા. ભિખારી, ભીલ, કોળી, કાઠી, કઠીયારા, કલંબી, કંસારા, સીખી, જાટ રજપૂત, રબારી, ગૂજર, પનીગર, રજક, વાણીઆ, વિપ્ર, વૈદ્ય, વેશ્યા, વણકર, માલી, મરદનીયા, મઠવાસી, ગોલા, ગાંધી, યતી, યોગી, સન્યાસી, જંદા, ભગત, બ્રાભિક, ભેષધર. ગઢમઢ, પોલિપગાર, મંદિર, માલિયા, સેરી, ચોહરા, ચૌક, ચાચર, ચોતરા, ગલી, ગૌચર, ઘરબાર, બારણા, કાંગુરી, કોરણી, બેઠક, બારીખાલ, ખુણા; પૂંઠા, પરિતગૌખ, બોકડશાળા, દાનશાળા, ધર્મશાળા, દેહરા, ઉપાસરા, એવું નગર શોભે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેહ નગરને વિષે રાજાના નામ—

જીતશત્રુ, જીતારી, જયસિંહ, જનક, જયરાજા, કનકભ્રમ. કનકકેતુ, કનકસિંહ, કુંભકુર, મદનભ્રમ, મદનસિંહ, મદનકેતુ, મદનવેગ, મકરધ્વજ, મૃગાંક, મહિધર, મન્મથ, વિજયસિંહ, વયરીમલ્લ, વયરીસલ્લ, વીરસેન, વિજયકરણ, ચંદ્રસેન, પ્રજાપતિ, પૃાથવીપતિ, પૃથિવીમલ્લ, પ્રતાપમલ્લ, પ્રતાપસેન, મહસેન.

એહવા રાજા મદબળ છે. અહંકારી કહેવા છે—

અટાલા, પટાલા, હઠીલા, મુંછાલા, અણીયાલા, માંમાલા, મરડાલા, કરડાલ, મછરાલા, મતવાળા, આથડતા, અડતા, આપડતા, પાડંતા, પકડંતા, અબીહંતા, બલવંતા, બોલંતા, બુદ્ધિવંતા, રૂપાલા, રંગીલા, રસીલા, રઢીયાલા, રેખાલા, રતીલા, સૂરા, પૂરા એહવા રાજા છે.

હવે ઘોટક (ઘોડા) નામ—

કાછી, કંબોજા, કલૂંજા, કાસ્મેરા, કાબરા, કમેત, કાળા, ચંચલા, અણીયાલા, હંસલા, હઠીલા, હયાણા, ભયાણા, પતંગા, પવંગા, ઉત્તંગા, પવનંગા, જલગંગા, પાણિપંથા, ઉત્તરપંથા, ઉર્ધ્વપંથા. અધોપંથા, પઇઠાણા, ધૂસરા, ભૂસરા, માંકડા વાકડા, રાંકડા, ખુરસાણી, તુરકી, નીલડા, પીલડા, ઘોલડા, જબાધી, ભરેજા, તેજાલા, લોહધારથી ન મૂંડે, ઉંચે આસણ ભીડે. ખેતરા, ખરા, નનાસેંપરા.

ગજ નામ—

ગણેશાવતાર, ગજરાજ, ગજયંગ, ગજસુંદર, ગઢભંજણ, દલગંજણ, ગજદીપક, ગજશોભન, પોલિભંજણ, દલદીપક, દલમંડણ, મુંઇવાદલ, ભૂમિનાયક, સદાસુરંગ, રિણુઅંભંગ, સેહૂરભાલ, મોભારીઆલ, ગલેઘંટારીમાલ, પટેઝરંતા, મદવહંતા, પૂંકારાકરતા, અભિનવા પર્વતા, દેહીરામત્તા, સ્વેતવર્ણા,

સભાનાયક—

ગણનાયક, દંડનાયક, સૈંગરણા, દેવગરણા. વેંગરણા, યમગધરણા, સામંત, મહાસામંત, મહામંડલીક, મંડલીક, ચૌવટીયા, મુગટબદ્ધ, સંધિપાલ, સંધિવિગ્રહી, પારવિગ્રહી, અમાત્યકાનૂગા, કોટવાલ, સારથવાહ, મહાનન, અંગરક્ષક, પુરોહિત, વૃત્તિનાયક, વહીવાયક, પડપડીયાક, પટાવત, ટાકટમલી, ઇંદ્રજાલી, ધર્મવાદી, ધાતુર્વાદી, મંત્રવાદી, તર્કવાદી, ધનુર્ધર, દંડધર, ખડગધર, વાણદીધર છત્રધર, ચામરધર, ધ્વજાધર, દીવાધર, પ્રતિહાર, સેઝપાલ, તંત્રપાલ, અંગમર્દક, મીઠાબોલા, આબોલા; સહસબોલા, કથાબોલા, ગુણબોલા, સમસ્યાબોલા, સાહિત્યબંધક, લક્ષણબંધક, અલંકારબંધક, નાટીકબંધક.

ઉપરનો સમુચ્ચય આપણને પૂર્વ સમયના રાજાઓના રાજ્ય બંધારણ તથા વૈભવનો ખ્યાલ આપે છે. ( અપૂર્ણ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આત્મા અથવા "હું" નો સાક્ષાત્કાર.

અધ્યાત્મ વિદ્યાના પ્રદેશમાં પ્રવેશ કરતા પહેલાં પ્રત્યેક જીજ્ઞાસુએ પોતે કોણ છે એ વિષય ઉપર કાંઇક માહેતી મેળવવી જોઇએ. પ્રત્યેક આર્ય શાસ્ત્ર ડિંડિમ નાદથી પોકાર કરે છે કે મનુષ્યના ભિતરમાં અચિંત્ય શકિતઓ સુપ્તાવસ્થામાં, સત્તાપણે Potentially રહેલી છે, અને જ્યારે "હું" તેના વાસ્તવિક ભાનમાં આવે છે ત્યારે તે શકિતઓનો જ્ઞાતપણે ઉપયોગ કરી શકવા આત્મા સમર્થ થાય છે. જ્યારે તે જાગૃત થઇ પોતાના સ્વરૂપના મહારાજ્યનું સ્વામિત્વ હાથમાં લેછે ત્યારે બાહ્ય અને આંતરવિશ્વના ગુપ્ત રહસ્યો તેને હસ્તામલકવત્ થાય છે. જ્ઞાન માટે પછી તેને યાચના કરવી પડતી નથી, અથવા કુદરતની સામે લડત ચલાવીને તેનાં રહસ્યો તેની પાસેથી ઝુંટાવવાના હોતાં નથી. આત્માનું આધિપત્ય મન પ્રાણ અને જડ એ તમામ સૃષ્ટિઓ ઉપર સ્વભાવથીજ છે. પરંતુ આજસુધી તેણે પોતાનો જન્મ હક સંભાળવા બેદરકારી રાખી છે તેથી આજે તે સ્વામી નથી પણ મન પ્રાણ અને જડનો ગુલામ બની બેઠો છે. એક નિર્બળ અને નિશાખોર નૃપતિની માફક તે પોતાના પદનું ભાન ગુમાવી પોતાના સેવક વર્ગની સત્તાને આધિન બની ગયો છે. વાસ્તવમાં તે સબળ છે. અને તે શિવાય તેના બધા આગંતુક કારણો નિર્બળ છે. પરંતુ એ બધું આ કાળે તો સંભવગર્ભના રૂપેજ છે. આત્મા જ્યારે સંવર્ધન પામશે ત્યારેજ એ સામર્થ્યોનો અધિકાર તેને મળવાનો અને ત્યાં-સુધી તેના મહારાજ્યનો કારભાર અત્યારે જેમ ચાલે છે તે મુજબ ચાલવાનો. આત્મા એ પોતાનું રાજતંત્ર પાછું મેળવવા કેવો ક્રમ લેવો જોઇએ અને પોતાના વાસ્તવીક "હું" ના ભાનમાં કઇ રીતે તે પ્રવેશી શકે તે સંબંધી કાંઇક મંદ રૂપરેખા રજુ કરવા આ લેખનો ઉદ્દેશ રાખ્યો છે.

આ વિશ્વ ઉપર મનુષ્ય પ્રાણી એ આત્મતત્વનો ઉંચામાં ઉંચો આવિષ્કાર ગણાય છે. અર્થાત તેનાથી વધારે ઉચ્ચ કોટીનું બુદ્ધિમાન સત્વ નજરે પડતું નથી વર્તમાન મનુષ્યના અખિલ સ્વરૂપના બંધારણની રચનાનું નિરીક્ષણ કરવા જેણે કોઇ દીવસ પ્રયત્ન કર્યો હશે તેને આશ્ચર્ય નિમગ્ન બન્યા વિના નહિજ ચાલ્યું હોય. સાધારણ ઉપલક દ્રષ્ટિથી તેના બંધારણનું સ્વરૂપ તપાસનારને તેના ખરા મહત્વની કશીજ ખબર હોતી નથી. મનુષ્યના શારીરીક, માનસીક અને આધ્યાત્મિક બંધારણમાં ઉચ્ચમાં ઉચ્ચ તેમજ હલકાંમાં હલકાં તત્વો પણ દ્દશ્યમાન થાય છે. મનુષ્યનાં હાડકાનું જીવન એકલું ખનીજનુંજ જીવન છે. અને તે એક

આ લેખના અંતર્ગત વિચારો માટે લેખક પોતે જવાબદાર છે. શાસ્ત્રની વિહિત મર્યાદાથી તેમાં કોઇ સ્થળે વિરોધ જોવામાં આવે તો આ વિચારો એક વ્યકિતગત વિચારો છે એમ ગણી સંશયમુકત રહેવા પ્રાર્થના છે.
તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક વખત જે ખનીજ જીવન ( mineral life ) ભોગવીને આગળ વધતા વધતા આ ભૂમિકાએ પહોંચ્યો છે તેનો પરિચય તે આજે તેના અસ્થિજીવન દ્વારા આપે છે. તેનું સ્થૂળ જીવન એ વનસ્પતિ જીવન ( vegetable life ) નું ભાન કરાવે છે અર્થાત વનસ્પતિના ઉદ્‌ભવ સંવર્ધન અને ક્ષયમાં જે હેતુઓ પ્રવર્તે છે તેજ હેતુઓ તેના શારીરીક બંધારણમાં પણ પ્રવર્તે છે. ખરી રીતે હજી મનુષ્ય મોટે ભાગે વનસ્પતિ જીવનજ ભોગવ્યે જાય છે. તેથી આગળ વધતા તેની ઘણી ઇચ્છાઓ, આવેગો, ઉર્મીઓ લાલસાઓ, સ્પૃહાઓ વિગેરે હલકી કોટીના પશુઓ જેવીજ હોય છે. અને તેમાં પણ ખાસ કરીને વિકાસની પ્રાથમીક ભૂમિકાએ રહેલા મનુષ્યો પશુનેજ દરેક રીતે મળતા જોવામાં આવે છે. તેમના સ્વરૂપનો ઉચ્ચ અંશ અધોઅંશને આધિન વર્તતો હોય છે. અને તે ઉચ્ચ વિભાગનું સ્ફુરણ પણ તેમને ભાગ્યેજ કદી આવતું હોય છે. આથી મનુષ્યનું માનસીક બંધારણ કેટલેક અંશે પશુનુંજ જીવન જીવે છે એમ કહેવામાં કાંઇ હરકત જેવું નથી. તેમ છતાં પશુને નથી એવું મનુષ્યને કાંઇક છે તેથી તે પશુના અભિધાનને યોગ્ય હવે રહ્યો ગણાય નહી. પશુને નથી એવા અનેક પ્રકારના માનસીક કરણો તેને સાંપડેલા છે તે ઉપરાંત તેનામાં ઉદયને સન્મુખ થએલી એવી ઘણી શકિતઓ રહેલી છે કે જ્યારે તેનો આવિર્ભાવ થશે ત્યારે સાધારણ કોટીના મનુષ્યોથી ચઢીઆતા પ્રકારનો તે લેખાશે. આ શક્તિઓ આત્મવિકાસની અમુક હદે પ્રાપ્ત થાયજ છે. અને આ કાળે અનેક મનુષ્યોને પ્રાપ્ત પણ છે. તમે કે જે આ ક્ષણે આ લેખ વાંચો છો તે પણ તમારામાં એ શક્તિ હવે બાહ્ય આવિર્ભાવ પામવાને અંદરથી જોર કરી રહી છે તેનાજ પરિણામે વાંચો છો. એ દબાણજ તમારામાં એવો વેગ ઉપજાવે છે કે આ અને આવા પ્રકારના અનુભવે જ્યાં જ્યાં અક્ષરાત્મક રૂપ લીધું હોય છે ત્યાં તમને તમે પણ ન જાણો તે રીતે ઘસડી જાય છે. અને તેમ ન થાય ત્યાંસુધી તમને ચેન પડવાનુંજ નહી.

પરંતુ આ શારિરીક અને માનસિક લક્ષણો મનુષ્યના બંધારણમાં પ્રતીત થાય છે છતાં તે લક્ષણોજ મનુષ્ય પોતે નથી. તે તો માત્ર મનુષ્યના કબજાના પદાર્થો છે. મનુષ્ય તે પદાર્થોનો પોતાના હથીઆરો અથવા કરણનો એક સ્વામી તરીકે ઉપયોગ કરી શકે તે પહેલા તેણે પોતાના ખરા સ્વરૂપના ભાનમાં આવવું જોઇએ. " હું " કોણ અને " હુંથી અતિરિકત " કોણ એનો ભેદ બરોબર તેણે ઓળખતા શીખવું જોઇએ. શાસ્ત્રકારોએ " સ્વપર ભેદની ઓળખાણ " ઉપર એટલું બધું વિવેચન કરેલું છે અને ગમે તે શાસ્ત્રીય ગ્રંથમાં પદે પદે એ વાત ઉપર એટલો બધો ભાર મુકવામાં આવ્યો છે કે તે પ્રકારના અનુભવની ઉપયોગિતાની કીંમત સમજાવવાની હવે અગત્ય રહી નથી. તેમ છતાં આ જમાનામાં મનુષ્ય એટલો બધો ઉપલકીઆ સ્વભાવનો અને ક્ષણિક વૃતિનો બની ગયો છે કે એની એ વાત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હજારો વખત વાંચ્યા અને સાંભળ્યાં છતાં તેનું મહત્વ કે રહસ્ય તેના મનમાં ઉતરતું નથી. તેમ છતાં એક વખતે મનુષ્ય તેનું મહત્વ સમજવા શીખશેજ એમાં શંકા નથી કેમકે અંદરથી એક તત્વ તેને તે સમજવા માટે સતત પ્રેરણા કર્યાજ કરે છે અને નિરંતર આર માર્યા કરે છે. ક્ષણિક વૃત્તિનો મનુષ્ય અત્યારે તે અવાજને બહુ ગણકારતો નથી છતાં છેવટે તેને શરણ થયા વિના આરામ મળતો નથી. "હું" કોણ એ પ્રશ્નનું સમાધાન અને સાક્ષાત્કાર થયા વિના આત્માને કદીજ ચેન પડવાનું નથી. આજે અથવા કરોડો યુગ પછી પણ આત્માનો અંતિમવિરામ એ અનુભવમાં સ્થિર થવામાં રહેલો છે. આટલું કહી હવે હમારે જે કાંઈ કહેવું છે તેમાં ત્વરાથી ઉતરીએ છીએ.

હલકી કોટીના પશુઓને હુંપણાનું ભાન હોતું નથી. તેમને બાહ્ય વિશ્વનું તેમજ તેમની ઇચ્છાઓ, અને પશુપણાની બધી લાગણીઓનું ભાન હોય છે. પરંતુ તેમની જ્ઞપ્તિ, ( consciousness ) આત્મ-જ્ઞપ્તિ અથવા સ્વભાવની હદે પહોંચેલી હોતી નથી. તેઓ બાહ્ય વિશ્વના પદાર્થોથી તેમજ તેમના પોતાના વિચારો અને વાસનાઓથી તટસ્થ રહી પોતાને તેમનાથી ભિન્નરૂપે જોઇ શકતા નથી. પોતે એ સર્વથી નિરાળું તત્વ છે એમ સમજી પોતાના વિષય બનનાર પ્રાણી પદાર્થો અને ભાવનાઓ ઉપર કાંઇ આલોચના કે વિમર્શ કરી શકતા નથી. જેને આપણે "હું" કહીએ છીએ તેના ભાનમાં-તે દિવ્ય સ્ફુલીંગની જ્ઞપ્તિમાં-તેમનો પ્રવેશ થયો હોતો નથી. હલકાં પશુઓ તેમજ કેટલાંક મનુષ્યો કે જેઓ હજી મનુષ્યત્વની કોટીમાં નવાજ પ્રવેશે છે, અને જેમનામાં હજી સોએ નવાણું ટકા પશુત્વનાજ અંશો છે તેમનામાં પણ આ દિવ્ય "હું" જાગૃત થએલું હોતું નથી. તેમનામાં હજી તે અંશ સુપ્તાવસ્થામાં રહેલો હોય છે, અને જેમ જેમ તે જાગૃત થતો જાય છે, તેમ તેમ તેનો પ્રકાશ વધતો જાય છે. જેમ જેમ આ "હું" જાગૃત થતું જાય છે તેમ તેમ તે આંતર બાહ્ય વિશ્વને વધારે સ્પષ્ટરૂપમાં ઓળખતો જાય છે અને પૂર્વની ભ્રાંતિમય અવસ્થા લય પામતી જાય છે.

ઘણા જંગલી અને પહાડ પર્વતની બોડોમાં અને કોતરોમાં રહેનાર મનુષ્યોમાં "હું" પણાનું ભાન નહિ વતજ ખીલેલું હોય છે. તેમની સ્થિતિ પશુઓથી સ્હેજ ચઢીઆતી કહી શકાય. શરીરની હાજતોની પૂર્તિ, આહાર વિગેરેની રૂચિની તૃપ્તિ, વિકારના વેગનું ભોગ દ્વારા સાંત્વન, અંગિત સુખની પ્રાપ્તિ એ વિગેરે તેમનું "હું" હોય છે. ટુંકામાં તેમની અવસ્થાને સંજ્ઞાત્મક નામથી સંબોધી શકાય. આ માણસને એમ પુછવામાં આવે કે-"તારા વિચારોનું પૃથક્કરણ કરીને કહે કે તું કોણ છું" તો તેનો ઉત્તર તે એમજ આપે કે "હું સ્થુળ શરીર છું અને એ શરીરને કેટલીક હાજતો લાગણીઓ, રૂચીઓ વિગેરે છે." આવા મનુષ્યનો "હું" એ માત્ર સ્થૂળ-શારીરિક "હું" હોય છે, અને શરીરના આકાર અને વસ્તુને તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" હું " નો આકાર ગણે છે. આ મનુષ્યોને કાંઇક વિચાર કરવાની શકિત ખીલેલી હોય છે, પરંતુ તેમનું જીવન મનોમય જીવન હોતું નથી અર્થાત્ તે તેમની વિચાર શકિતને તેમની લાલસાઓ અને વિકારોની તૃપ્તિ સિવાય અન્ય પ્રકારે યોજી શકતા નથી. તેઓ જે કાંઈ કરે છે તે માત્ર, માત્ર સંજ્ઞાના બળથીજ કરતા હોય છે. આવો માણસ કદાપી " મારો આત્મા " " મારૂં મન " એમ કહે તો પણ તે શરીરાદિથી ભિન્નત્વ ભાન પૂર્વક અથવા 'હું " એક નિરાળું તત્વ છું એવી જ્ઞપ્તિ પૂર્વક કહેતો હોતો નથી. શરીર એજ તેમનું " હું " હોય છે અને તે ઇન્દ્રીઓ અને ઇન્દ્રીઓ દ્વારા જે કાંઈ પ્રાપ્ત થઇ શકે છે તે સાથે અભેદ ભાવથી સંકળાએલું હોય છે. અલબત મનુષ્ય જેમ જેમ કેળવણી અને અનુભવમાં આગળ વધે છે, અને પ્રત્યેક વિષયમાં સંવૃદ્ધિ મેળવતો જાય છે, તેમ તેમ તેની ઇન્દ્રીએ અધિક સૂક્ષ્મ અને સંસ્કારી બને છે, અને વધારે ઉંચા પ્રકારના ભોગ દ્વારાજ તૃપ્તિ અનુભવી શકે એવી માર્મિક બનતી જાય છે પ્રથમ જે સ્થૂળ અને ગમે તેવા અણઘડ રૂપમાં મળેલી ભોગ સામગ્રીથી સંતોષ માનતો તે હવે વધારે સંસ્કારી અને સુઘટિત રૂપમાં મળે તોજ તેને તૃપ્તિ આપી શકે છે. જેને આપણે " સંસ્કૃતિ " અને "શિક્ષણ" સામાન્યતઃ કહીએ છીએ તે બીજુ કશુંજ નહિ પણ ઇન્દ્રિય વિલાસોને વધારે ઉંચા આકારમાં ભોગવવાની કળાજ છે. આત્મવિલાસ કે સ્વરૂપ પ્રાપ્તિ કે વિકાસના ક્રમ ઉપર પ્રગતિ જેવું તેમાં મુદ્દલ હોતું નથી. આથી એમ માનવાનું નથી કે સ્વરૂપ પ્રાપ્ત યોગી જનોની ઇન્દ્રિઓ આપણા સંસ્કૃતિ પૂર્ણ મનુષ્યની ઇન્દ્રિઓ કરતાં ઓછી સૂક્ષ્મ અથવા મર્મગ્રાહી છે એમ મુદ્દલ નથી તેથી ઉલટું ખરી રીતે એમ છે કે તેમના આંતર બાહ્ય કારણો તેમના બળવાન સંકલ્પના આધિપત્ય તળે એવાં કેળવાએલાં હોય છે કે સામાન્ય મનુષ્યોને તે સંબંધી ખ્યાલ આવવો પણ મુશ્કેલ છે. તેમની ઇન્દ્રીઓ તેમનાં ' હું "ના સ્વામિત્વ તળે રહી જ્યાં આજ્ઞા હોય ત્યાંજ કાર્ય પરાયણ બને છે. અને તેથી સામાન્ય મનુષ્યોના સંબંધે હોય છે, તેમ તેમની ઇન્દ્રીઓ આત્માના અધઃપતનમાં નિમિત્ત બનતી નથી પરંતુ નિરંતર હિતના માર્ગેજ સંકલ્પના આધિપત્ય નીચે રહી વર્તતી હોય છે.

જેમ જેમ મનુષ્ય ક્રમિકવિકાસમાં વધતો જાય છે તેમ તેમ તેનું " હું " પણું વધારે ઉંચુ રૂપ પકડતું ચાલે છે. તે પોતાના મનનો અને વિવેક બુદ્ધિનો ઉપયોગ કરતા શીખતો જાય છે, અને આ પ્રકારે તે શારીરિક ભૂમિકા ઉપરથી ઉંચે ચઢી માનસીક ભૂમિકાને ગ્રહતા શીખે છે. પછી તેનામાં બુદ્ધિના વ્યાપારો વધારે સ્પષ્ટ અને પ્રબળ બનતા જાય છે, અને એકલી શારીરિક સંજ્ઞાઓને અનુસરવામાં તેને રસ પડતો નથી. તેને માલુમ પડે છે કે શરીર કરતાં કાંઇક ઉચ્ચ પ્રકારનું તત્વ તેનામાં રહેલું છે. તેનું મન અને બુદ્ધિ એ તેને શરીર કરતાં વધારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સત્ય અને વાસ્તવિક જણાય છે, અને મોટે ભાગે એ મનોમય સૃષ્ટિમાંજ તેનો મુકામ હોય છે. કેટલીક ઉંડી આલોચનાની ક્ષણોમાં અને બારીક અભ્યાસ વખતે પોતાના શરીરનું અસ્તિત્વ પણ તે ભૂલી જાય છે. આ પ્રમાણે સંજ્ઞાત્મક શારીરિક " હું " થી તે મનોમય " હું " ના પ્રદેશમાં પ્રવેશે છે–એક પગલું આગળ વધે છે.

આ અવસ્થામાં તે પોતાના " હું " ને એક મનોમય (mental) તત્વ માને છે અને શરીરને એક સોબતીના રૂપમાં ગણે છે. તે વખતે એને એમ જણાય છે કે હું પૂર્વના કરતા આગળ વધ્યો છું છતાં તેનું નવું " હું " તેના પ્રશ્નોને સંતોષ આપી શકતું હોતું નથી. એકે વાતનો તેને ખુલાસો મળી શકતો નથી. તેના ચિતની દશા અસમાધાનવાળી અને અતૃપ્ત રહ્યા કરે છે. ટુંકામાં તે બહુ દુઃખી બની જાય છે આવા મનુષ્યો બહુધા નિર્વેદવાદી અર્થાત્ સંસારને દુઃખરૂપ માનનારા બની જાય છે અને આ જીવનને તેઓ અનિષ્ટતા, નિરાશા, કલેશ અને સંતાપની પરંપરા માને છે. જીવનમાં તેમને લેશ પણ આનંદ કે રસ રહેતો નથી. ટે કારાગ્રહ જેવું ભીષણ રૂપ ધારણ કરે છે. આ મનોમય ભૂમિકા એ દુઃખવાદની (pessimism) ની ભૂમિકા છે. આત્મા જ્યારે સંજ્ઞાત્મક જીવન ગાળતો હોય અથવા આધ્યાત્મિક જીવનની ઉચ્ચ કળા અનુભવતો હોય છે ત્યારે તેને સંસાર દુઃખરૂપ જણાતો નથી કેમકે પ્રથમ પ્રકારના જીવનમાં વિચારણા–ચિંત્વન, કે વિવેકનો અવકાશ નથી, અને ઉત્તર પ્રકારના જીવનમાં મનને વિષેથી " હું " પણાની ભ્રાન્તિ નીકળી ગયેલી હોય છે. આત્મિક જીવન ભોગવનાર આત્મા જાણે છે કે સર્વ પ્રકારના જ્ઞાનની કુંચી તેની પાસે રહેલી છે–અને તે મારા વાસ્તવ " હું "માં રહેલી છે. તે જાણે છે કે જાગૃત થએલા સંકલ્પના બળવડે એ મનને કેળવી શકાય છે, વિકસીત બનાવી શકાય છે અને ઇષ્ટમાર્ગમાં ' હું " નાસંકેત અનુસાર યોજી શકાય છે. આ પ્રકારના સાક્ષાત્કારવાળો જ્ઞાની આત્મા કદી નિરાશ બની જતો નથી અને પોતાનું સ્વરૂપ અને સંભાવ્યતા ને સમજીને, તેમજ પોતાની શકિતના ભાનમાં પ્રવેશીને, તે પોતાના જુના નિરાશાપૂર્ણ અને દુઃખમય ખ્યાલો ઉપર હસે છે અને એવી અજ્ઞાન જન્ય ભાવનાઓને જીર્ણ વસ્ત્રની માફક ત્યજી દે છે. માનસિક ભૂમિકા ઉપરનો મનુષ્ય પોતાના અસાધારણ સામર્થ્યના ભાનવિનાના એક પ્રચંડ શરીરવાળા હાથી જેવો છે એ ધારે તો ગમે તેવા સંયોગો અને પરિસ્થિતિઓને પોતાને વશ કરી શકે તેમ છે અને ગમે તેવા અંતરાયો અને વિઘ્નોને તોડી ફોડી અને ઉલટાવી નાખી શકે તેમ છે, પરંતુ પોતાની ખરી શકિતના બેભાનવાળો તે એક નાના સરખા મનુષ્યના અંકુશ વડે અધિકૃત બની બેસે છે અને પવનમાં ફડફડ થતા સુકા પાંદડાથી પણ તાપ વડે કંપતો રહે છે. આ કાળે સોએ નવાણું ટકા મનુષ્યો આ માનસિક ભૂમિકાને વેદે છે.

પરંતુ જ્યારે આત્મા આ માનસિક અવસ્થાને વળોટીને આત્મિક ભૂમિકા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(Spiritual plane) ઉપર જાય છે. ત્યારે તેને માલુમ પડે છે કે "હું" અથવા મારૂં વાસ્તવ સ્વરૂપ એ શરીર અને મન ઉભયથી ઉપરિ પ્રદેશમાં બિરાજે છે, અને તે બન્ને ફક્ત મારા વાસ્તવ " હું " ના કરણો, હથિઆરો છે. તેને ખાત્રી થાય છે કે તે ઉભયને હું મારી મરજી અનુસાર સેવક તરીકે વાપરી શકું તેમ છું. આ પ્રકારનું પોતાના કરણોથી સ્વતંત્ર અને તેના સ્વામી હોવાનું ભાન એ માત્ર બુદ્ધિ અને તર્ક વડે સિદ્ધ કરેલી ભાવના માત્ર નથી અથવા મનુષ્યે પોતાની અક્કલના બળ વડે મેળવેલો એક નિર્ણય માત્ર નથી. ( જો કે બુદ્ધિ આવા પ્રકારના ભાનમાં પ્રવેશવામાં સહાયરૂપ છે અને તેથી બહુજ ઉપયોગી છે ) વાસ્તવમાં સ્વરૂપ પ્રાપ્તિ એ એક પ્રકારના વિશિષ્ટ ભાન રૂપે છે. મનુષ્યને તેના ખરા " હું "ની ઓળખાણ થાય અને તેનું જીવન એ રૂપ બને એ પ્રકારે છે. બુદ્ધિનો નિર્ણય આપણી પ્રકૃતિમાં કાંઇ એક રસ થતો નથી તે તો એક માન્યતા રૂપે બહુ તો શ્રદ્ધારૂપે હોય છે. પરંતુ ભાનનું આપણા જીવન સાથે એકત્ર હોય છે અને તે બુદ્ધિથી સ્વતંત્ર પણે રહે છે. જ્યારે આત્મા તેના વાસ્તવ " હું " ભાનમાં પ્રવેશે છે ત્યારે તે અધ્યાત્મ વિદ્યાનો દિક્ષિત બનેલો હોય છે. અને તેથી આગળ વધીને જ્યારે તે સમષ્ટિ આત્મા સાથે પોતાનું અભેદ અનુભવતા શીખે છે અને પોતાના " હું " ને ખિલવીને વિશ્વના " હું " માં પલટાવી નાખવું શરૂ કરે છે ત્યારે તે " મહાત્મા બને છે. અર્થાત તે અલ્પ મટીને મહાન થાય છે.

આત્મિક વિકાસની ઉપર જણાવી તે બે પ્રકારની કળાઓમાંથી આ સ્થળે માત્ર **પ્રથમ** કળાને સિદ્ધ કરવા માટે આત્માનું શું કર્તવ્ય છે તે ઉપરજ વિવેચન કરવાનું ધાર્યું છે. " હું " પણાનું ભાન વિકાસ પામે અને શરીર મન આદિ આંતર બાહ્ય કરણો ઉપર તેનું આધિપત્ય સ્થપાય એ આપણી પ્રથમ કળાનું લક્ષ્ય છે. અને તેથી એ વાસ્તવ "હું" ખીલવવાની મહાજનોએ જે યુક્તિઓ શાસ્ત્રમાં દર્શાવી છે અને અનુભવી જનોને સમ્મત્ત થએલી છે તેનું વર્ણન કરીશું; એ યુક્તિઓનું ખંત અને શ્રદ્ધા પૂર્વક અનુસરણ કરવાથી વિકાસ અને સામર્થ્યના અધિક પણાના ભાનવાળી સ્થિતિમાં આત્મા થોડા સમયમાં પ્રવેશ કરી શકતો અનુભવાશે. 'હું'.પણાનું જાગૃત થતું ભાન અને તેટલી ઉત્કટતા પૂર્વક અનુભવવું એ શરૂઆતમાં અત્યંત અગત્યનું છે. " હું " પણાની ઉચ્ચતર ભૂમિકાઓ ધીરે ધીરે અનુભવાતી જશે. એક વખત રસ્તે ચઢયા પછી પુનઃ પાછું હઠવાપણું રહેતું નથી. સત્યની અલ્પ સરખી ઝાંખી એક સમય વેદ્યા પછી તેનો પ્રભાવ કદી પણ નિર્મૂળ થતો નથી, આત્મા સત્યથી કદી ભાગી છુટી શકતોજ નથી, અને સત્ય આત્માથી ભાગી છુટી શકતું નથી. ઉભયનો તાદાત્મ્ય સંબંધ છે, અને એકવાર એવું ભાન અનુભવ્યા પછી આત્માનો વિકાસક્રમ ઝડપથી આગળને આગળ વધતો ચાલે છે. મુકિત માટે પછી કાળનીજ અપેક્ષા રહે છે, અને કાળ અવધિ રહિત છે. એક વખતનો સત્યનો થએલો પરિચય કદી વ્યર્થ જતો નથી. રસ્તે ચાલતાં આત્મા વિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રામ લેવા બેસે અથવા મુસાફરી દરમ્યાનમાં કોઇ કોઇ સ્થળે શ્રમ નિવારણ માટે રાતવાસો રહે તેટલીજ ઢીલ થાય છે. અને તેમ છતાં તે ઢીલ પણ નિરૂપયેગી નથી. એ સર્વ સ્વાભાવિક અને હોવા યોગ્ય છે માટેજ હોય છે.

છતાં પોતાનું વાસ્તવીક "હું" પણું તેના ઉચ્ચતમ સ્વરૂપે અનુભવાય તે પણ આત્માના અંતિમ લક્ષ્યનો પરાવધિ નથી. પોતાને ઓળખવો એ તો માત્ર પોતાના સ્વરૂપ પ્રત્યે જાગૃત થવા રૂપે છે. શાસ્ત્રો જેને "પરમ નિર્વાણ" ના નામથી સંબોધે છે એ અવસ્થાનો અનુભવ તે પછી આત્માને થવો શરૂ થાય છે. પોતાના "હું" પણાના પૂર્ણ મહત્વનું દર્શન થાય એ ભાવિમાં પ્રાપ્ત થવા યોગ્ય પરમ પ્રકાશનું એક મંદ કિરણમાત્ર છે. પોતાના ભાનમાં આવ્યા પછી તે દિક્ષિત થએલો ગણાય છે, અર્થાત્ પરમ તત્વના સંબંધમાં આવવાને તે લાયક બને છે. અને આ પ્રકારે પ્રાથમિક કળા પ્રાપ્ત કરી પરમ પ્રકાશના અરૂણોદયના ભાનમાં પ્રવેશ કરનાર આત્મા દ્વિતીય કળાના મહાપથમાં પ્રથમ પગલું મુકે છે. પ્રથમ કળા એ પોતાના "હું" નો તેના વાસ્તવરૂપે સાક્ષાત્કાર કરવારૂપ છે, અને બીજી કળા એ "હું" નો તે અનિર્વાચ્ય પરમ તત્વની સાથે "હું" ના વિલય પૂર્વક સંબંધ થવા રૂપ છે. પ્રથમ કળા સિદ્ધ થયા પછીજ દ્વિતીય કળાનો સાક્ષાત્કાર કરવાના સાધનોનું આત્માને જ્ઞાન થાય છે તે પહેલા તેનું રહસ્ય તેને લક્ષ્યગત થતું નથી અને ઉલટો તેના મનમાં એક પ્રકારનો ગોટાળો ઉત્પન્ન થાય છે. જૈન શાસ્ત્રકારો મુખ્યત્વે આ પ્રથમજ પ્રકારની કળા ઉપરજ અધિક ભાર મુકીને પ્રવર્ત્યા છે. તેઓ જાણતા હતા કે "હું" પણાનો એક મહદ્ તત્વમાં વિલય થવાની વાત જનસમાજ ગ્રહી શકવા શકિતમાન નથી, અને તેથી તેઓએ માત્ર "હું" પણાના સાક્ષાત્કારનેજ તેના અનુયાયી વર્ગના પરમ લક્ષ્ય સ્થાને સ્થાપીને સંતોષ માન્યો છે અને એ "હું" જે પરમ તત્વનો વિલાસ છે તેના સબંધમાં બહુ સ્પષ્ટ ઉહાપોહ કરેલ નથી તેમ છતાં અનુભવીજનો શાસ્ત્રોમાં કોઇ કોઇ સ્થળે એ વાતનો માર્મિક સંબોધ જોઇ શકયા છે. અને જૈન શાસ્ત્રકારે જે હેતુથી એ પ્રાથમીક કળાની પ્રાપ્તિ ઉપરજ પ્રધાન લક્ષ્ય રાખી બીજી કળા પ્રત્યે ઔદાસીન્ય ભાવ રાખ્યો છે તે હેતુ પણ તેઓ કળી શકયા છે. એ હેતુ શું હતો એ બીનાનું આ સ્થળે વર્ણન કરતાં આપણા મુખ્ય વિષયથી આડા ફાટવા જેવું થાય છે અને જૈન ધર્મની ઉત્પત્તિ કાળે સમાજની નીતિ અને ધર્મ સબંધી શું ભાવનાઓ હતી એ વિગેરે ઐતિહાસિક સમાલોચનામાં ઉતર્યા શિવાય એ વાતનો મર્મ સમજાય તેવું નહી હોઇ કોઇ અન્ય પ્રસંગે તે વિષય હાથમાં લેવાનું રાખીશું.

પ્રથમ કળા સિદ્ધ થયા પછી આત્મા પોતાની સ્વરૂપભૂત શકિતઓનો જ્ઞાત-ઉપયોગપણે (Consciously) ઉપયોગ (use) કરી શકે છે. અને પોતાની માનસિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થિતિઓ ઉપર કાબુ રાખી શકે છે. તે પછી તે સામર્થ્યના કેન્દ્ર જેવો બને છે અને સૂર્યના બિંબમાંથી જેમ કિરણાવલી ચોદીશ સ્ફુરી નિકળે છે તેમ પોતાના વાસ્તવ "હું" ના સ્વરૂપને ઓળખ્યા પછી તે આત્માના પ્રભાવ અને પ્રતાપના એક બિંબ જેવો બની પોતાની અસર આસપાસના સમાજ ઉપર વિસ્તારે છે અને અનેક નિર્બળ કેન્દ્રોને પોતાની તરફ આકર્ષી તેમની ઉપર પોતાનું આધિપત્ય સ્થાપી શકે છે.

પોતાનાં મન અને શરીર તેમજ બાહ્ય વિશ્વ ઉપર પોતાનો પ્રભાવ બેસારવા માટે આત્માએ પ્રથમ પોતા ઉપર સ્વામીત્વ પ્રાપ્ત કરવું જોઇએ. સ્વામીત્વ પ્રાપ્ત કરવાનો કોઇ શાહેનશાહી રસ્તા હજીસુધી હાથ લાગ્યો નથી. એકજ માર્ગે અને તે પણ પોતાના સ્વપ્રયત્ન વડે તે મળી શકે છે. પ્રત્યેક કદમ તેણે સંભાળ, ધૈર્ય, અને ક્રમપૂર્વક ભરવું જોઇએ. નીચે જે યુકિતઓનું વર્ણન આપવામાં આવનાર છે તેને અત્યંત ઉપયોગી ગણી તેનું પરિશીલન કરવું જોઇએ. એમાં કોઈ અતિ પરિચીત અને ઘણી વાર સાંભળેલી "સામાન્ય" વાતો આવે તો તે ઉપર અલક્ષ્ય કરવાનું નથી. આ જમાનાની એક બહુ બુરી આદત એ છે કે લોકોને એક વાર અગાઉ સાંભળેલી વાતમાં કશું મહત્વ રહેતું નથી. એમના સર્વભક્ષી મનને રોજ નવું નવું જોઇએ છીએ. આજે સાંભળેલી વાત કાલે હજારો યુગની જુની બની ગયેલી હોય છે. માણસોએ સમજવુ જોઇએ આ વિશ્વમાં નવું કશુંજ નથી. જરા ઘાટ કે આકાર બદલીને કળાવાનો એની એજ ચીજ જુદા રૂપમાં રજુ કરે છે. આથી તમે આની આજ વાત હજારોવાર અગાઉ સાંભળી હોય છતાં તે પ્રત્યે અનાદર નહી રાખતાં તેને અનુસર્યાં વિના તમારે ચાલે તેમ નથીજ એમ માની તે પ્રત્યે લક્ષ્ય રાખો. આધ્યાત્મિક પ્રગતિનું આ પ્રથમ પગથીયું સિદ્ધ થયા પછી આત્માને પોતાના વાસ્તવ સામર્થ્યની ખબર પડે છે અને તેનો રસ્તો સરળ બને છે. હજારો રૂષિ મહર્ષિઓએ પોતાના અનુભવથી સિદ્ધ કરી છે અને તેને વિવિધરૂપે અક્ષરાત્મ કરી છે. તે યુકિતઓનું વર્ણન ટુંકામાં, સરલમાં સરલ શબ્દોમાં આ સ્થળે આપવા પ્રયત્ન કરીશું.

બની શકે તો એક એકાંત અને શાંતિવાળા સ્થાનનો આશ્રય લહો. ત્યાં કોઇ પ્રકારના કોલાહલ કે દખલનો ભય ન હોવો જોઇએ અને મનને ઉત્તેજીત થઇ અનેક બાજુએ ફાટી નીકળવાના નિમિત્તો ન હોવા જોઇએ આપણા ઉપાશ્રયો અને દેવસ્થાનો મૂળ તો આ પ્રકારના હેતુથીજ નિમાર્યા હતા, પરંતુ હવે એ હેતુ તે સાચવી શકે તેવા જનસમાજે તેમને રહેવા દીધા નથી. સાચા અર્થમાં જેમને સંયમ સાધવો છે તેમને માટે એ તદ્દન નિરૂપયોગી થઇ પડ્યા છે અને મૂળ હેતુનું વિસ્મરણ પામેલા અજ્ઞ સમાજે એ પવિત્ર સ્થાનોને ગડબડ અને મોટા અવાજથી બુમ બરાડાના ઉપદ્રવ વડે એક જાહેર બજાર જેવા બનાવી મુકયા હોય છે. આથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણી સાંપ્રદાયિક વૃત્તિ એ તે સ્થાનોમાં કલ્પેલી પવિત્રપણાની ભાવનામાં બહુ મોહ ન રાખતા કોઇ ખરા અર્થમાં શાંતિવાળા સ્થાનમાં પ્રવેશો. અલબત, આ ધાંધલના જમાનામાં એવા લાક્ષણિક શાંતનિકેતનો સુલભ રહ્યા નથી. તેથી બને તેટલા શાંતિવાળા સ્થાનને પસંદ કરો. લક્ષ્યાર્થ એ છે કે મનને આડે રસ્તે દોરી જનારા સંયોગો ત્યાં ન હોવા જોઇએ અને તમે તમારી પોતાની સાથે સંબંધમાં આવો એવું ત્યાં નિરૂપાધિક વાતાવરણ હોવું જોઇએ.

ત્યારપછી શરીરને બને તેટલું શિથિલ કરો. તેમ કરવામાં ગમે તે સ્થાને— આરામખુરશી ઉપર અથવા કોચ ઉપર નિરાંતથી બેસો. દરેક સ્નાયુને ઢીલું (related) બનાવો. અને શરીરના પ્રત્યેક અણુમાં આરામ અને શાંતિની લાગણીનો અનુભવ થાય એવા પ્રકારે શરીરને પડી રહેવા દો. શરૂઆતમાં આ પ્રકારની શરીરની સ્થિતિ મેળવતા વખત જાય છે, પરંતુ અભ્યાસ જરા સિદ્ધ થતા ગમે તે વખતે ઇચ્છા થતાંવેત તેને શાંતિવાળું કરી શકાય છે.

મનની પણ આવી જ શિથિલ અવસ્થા બનાવો. તેને તંગ અને બાહ્ય પદાર્થો પ્રત્યે ખેંચાએલું ન રાખો. તેમ છતાં આટલું સ્મૃતિમાં રાખવાનું છે કે જ્યારે તમે આ પ્રવૃત્તિમાં જોડાઓ ત્યારે તમારા શરીર અને મન ઉપરથી તમારા સંકલ્પ (will) નો કાબુ ખસવો ન જોઇએ. ઘણાં માણસો આ પ્રકારના ઉદ્યોગમાં જોડાતા એક પ્રકારની દિવસે આવતી અર્ધ નિદ્રા જેવી સ્થિતિમાં પડી જાય છે. અને અર્ધસ્વપ્ન ( Dreamy ) સ્થિતિને વશ બની જાય છે. પછી તેઓ શું કરવાના હેતુથી બેઠા હતા તે પણ ભૂલી જાય છે. અને મન ગમે તે પ્રિય વાસનાના તરંગે ચઢી ઝોલા ખાય છે. આ અવસ્થા સામે બહુ ચેતવાનું છે. આપણી પ્રત્યેક શારીરિક તેમજ માનસિક સ્થિતિ અને સંચલન ઉપર આપણા સંકલ્પનું આધિપત્ય હોવું જોઇએ. સંયમી મનુષ્યો જાગૃત-સ્વપ્ન (day dreams) ની અવસ્થામાં પડી ગયેલા તરંગી મનુષ્યો નથી, પરંતુ પોતાના તન અને મનની બધા પ્રકારની અવસ્થા ઉપર સ્વામિત્વવાળા મહાજનો હોય છે.

ત્યારપછી તેણે "હું" એ વિષય ઉપર પોતાનું સમગ્ર ધ્યાન કેન્દ્રીભૂત કરવું જોઇએ, અને બહારના વિશ્વના તેમજ અન્ય પ્રાણી પદાર્થના વિચારને પોતામાં ન પ્રવેશવા દેવા જોઇએ. તેણે આ પ્રકારે ચિત્ર રચવું જોઇએ.

તમે જાણે કે સૂર્યનું બિંબ છો, તમારી આસપાસ સમસ્ત વિશ્વ સૂર્યની આસપાસ નક્ષત્ર મંડળની જેમ ફર્યા કરે છે. તમે એક વાસ્તવ, સત્યવ્યક્તિ તત્ત્વ છો અને એ તત્ત્વ અન્ય તત્ત્વોના સંયોગોમાંથી ઉદ્દભવતું કોઇ તત્ત્વ વિશેષ નહીં, પરંતુ પોતાથી બાહ્ય પ્રદેશમાં પ્રતિત થતા સર્વ પદાર્થોનું પરિસ્ફોટન "હું" ની સત્તાને આધિન છે, એમ ચિંતવો. તમે પોતે સત્તાનું એકકેન્દ્ર છો અને એ કે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન્દ્રની આસપાસ સમસ્ત પ્રકૃતિ ચક્કર માર્યા કરે છે એમ જુવો. તમે પોતાના "હું" ને સામર્થ્યના એક કેન્દ્રરૂપે જુવો છો, તેથી બીજા મનુષ્યોના "હું" ના તેવા જ પ્રકાર હકનો ઇનકાર થાય છે, એવો ખોટો ભય રાખશો નહીં. સર્વ જીવાત્માઓ પોતાના આંતરિક બંધારણથી જ સામર્થ્યના કેન્દ્ર જ વસ્તુતઃ છે, અને આ વિશ્વના પ્રાણી પદાર્થો જે મહા સત્તા વડે સત્તાવાળા છે, એ મહાસત્તાએ જ તમને અને બીજાઓને તેવા બનાવ્યા છે. ખરી રીતે તમે ઉપર કહ્યા પ્રમાણે કલ્પવામાં તમારા જન્મ હક પ્રત્યે જાગૃત થાઓ છો, અને જ્યાંસુધી આત્મા પોતાને શક્તિ, પ્રભાવ અને સંકલ્પબળના એક કેન્દ્રરૂપે નહિં જુએ ત્યાંસુધી તે તે ગુણો તેનામાં પ્રકાશવાના નથી. જેમ જેમ જેટલા પ્રમાણમાં આત્મા પોતાને ઉપરોક્ત ગુણોવાળો સ્વીકારતો જશે, તેમ તેમ અને તેટલાજ પ્રમાણમાં તેનામાં એ લક્ષણો પ્રતિત થતા જશે, તમારે કાંઇ તમારી શક્તિઓનો બીજાઓની શક્તિઓ સાથે મુકાબલો કરી તમે તેમના કરતા અધિક અક્કલવાળા બળવાળા છો એમ નક્કી કરવાની કે માનવાની જરૂર નથી. એક માણસ પોતાને બીજા કરતા મહાન જુએ અને બીજાને હલકો કલ્પે એ તેનું અજ્ઞાન અને વિકાસની ન્યૂનતા જ છે. ધ્યાનકાળે તો તમે મુકાબલો કરવાની બધી ભાંજગડ છોડી દઇ માત્ર તમે પોતે જ્ઞપ્તિના સામર્થ્યના, પ્રતિભાના, અને વિચારબળના એક મહાન કેન્દ્રરૂપે છો, એમ જુઓ અને સૂર્ય જેમ પોતાની નક્ષત્ર સૃષ્ટિને પોતાની આસપાસ ફરતી રાખી તેમના ઉપર પોતાનું આધિપત્ય કાયમ રાખે છે, તેમ તમારા પોતાના વિશ્વને તમારી આસપાસ કાર્ય કરતું રાખી તમે તેનાથી પૃથક્ અને તેના ઉપર સ્વામીત્વવાળા છો, એમ કલ્પો.

ઉપર જણાવ્યા તેવા વસ્તુતઃ તમે છો એવું સાબીત કરવા તમારે તમારી બુદ્ધિના ન્યાયાસન આગળ દલીલો અને પુરાવા ભેગા કરવાની જરૂર નથી. બુદ્ધિને તેવી ખાત્રી કરાવવાની કાંઇ જ જરૂર નથી એવી સાબિતિમાંથી જ્ઞાન–વાસ્તવજ્ઞાન ઉદ્ભવતું નથી. ખરૂં જ્ઞાન એ બુદ્ધિ આગળ એકત્ર થએલો સંસ્કારોનો સમૂહ નથી. પરંતુ સત્યના સાક્ષાત્કારના ભાનમાં ઉપયોગ સહિતપણે પ્રવેશવું તે છે. અને તેમ થવા માટે ધ્યાન અને એકાગ્ર ચિંતવનની અપેક્ષા છે. તે વડેજ સત્યનું ભાન ઉદિત થવા માંડે છે. અને એ ભાન આપણી પ્રકૃતિમાં એકરસ થઇ આપણા જીવનનો વિભાગ બની જાય છે. શાસ્ત્રો જેને "જ્ઞાની" કહે છે તે આ પ્રકારના છે. જ્ઞાનતંતુઓ ઉપર અનંત સંસ્કારોનો બોજો ભેગો કરનારા બહુ તો "બુદ્ધિમાનો" કહેવાય—"જ્ઞાનવાન" નહીં જ આથી તમે "જ્ઞપ્તિ, સામર્થ્ય અને પ્રભાવના એક કેન્દ્ર" છો એવો ખ્યાલ તમારા સ્વત્વના અંતસ્તમ પ્રદેશમાં લઇ જાઓ. આ એક મહાન અર્થપૂર્ણ આધ્યાત્મિક સત્ય છે, અને જેટલે અંશે આત્માને તેનો સાક્ષાત્કાર થાય છે, તેટલે અંશે તે તે ગુણો તેનામાં પ્રસ્ફોટન પામતા જાય છે.

વ્યવહાર પક્ષે તમારી સ્થિતિ ગમે તેવી કફોડી હશે–તમારૂં નસીબ તમને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગમે તેવું અત્યારે કઠીન અને થ્રહો વાંકા જણાતા હશે–તમે ગમે તેવા અભણ, અકલ વિનાના કે અનાડી હશો–તો પણ તમે તમારા " હું " ને ગમે તેવા નસીબવાન, અકલવાન, ધનવાન, કે ઐશ્વર્યવાન મનુષ્યના " હું " સાથે બદલવા કદી પણ ઇચ્છા કરવાના નહીં. તમને આ વાતમાં જરા શંકા જેવું જણાતું હશે પણ જરા વિચાર કરવાથી ખરી હકીકત તમે જાણી શકશો. તમે જ્યારે કોઇ વખત એવું ઇચ્છો છો કે " હું ફલાણો ગૃહસ્થ હોઉ તો કેવું સારૂં ? " ત્યારે તમે ખરી રીતે એમજ ઇચ્છતા હો છો કે એ ગૃહસ્થના જેવી અકલ, સંપત્તિ, વિદ્યા આદિ તમારા સ્વાધીનમાં હોય તો સારૂં. એ માણસને જે કાંઇ છે તે તમને હોય એમ તમે ઇચ્છો છો. તમે તમારા સ્વત્વનો–પોતાપણાનો તે મનુષ્યના સ્વત્વમાં કે પોતાપણામાં લોપ થાય અને તમારૂં " હું " તેના " હું " સાથે અભેદ ભાવને પામી જાય એવું તમે કદી ઇચ્છતા નથી. અથવા તે માણસનું " હું " તમારામાં આવે અને તમારૂં " હું " એ સામા માણસનું " હું " બની જાય એમ પણ ઇચ્છતા નથી. ગમે તેવો કમનસીબ માણસ ગમે તેવા નસીબવાળા માણસ સાથે પોતાની જાતનો–" હું " નો બદલો કરવા ઇચ્છતો નથી. આ વિષય ઉપર જરા વિચાર કરો અને તેનો મર્મ તમને સ્પષ્ટ થશે. તમે બીજા માણસ થઇ જાઓ એનો અર્થ તમારા અસ્તિત્વમાંથી લોપ થવો એ છે, અને તેમ થાય તો પછી તમે એ તમે રહેવાને બદલે તે બની જવાના.

આ મર્મ જો તમે ગ્રહી શકો તો તમને જણાશે કે આ પ્રકારની પોતાપણાની ફેરબદલી ( exchange ) કરવા તમને કદી પણ મન થતું નથી. સહુ કોઇ જાણે છે કે એમ કદી બની શકતું પણ નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે તમારો " હું " નો લોપ કદી પણ થતો નથી. તે અમર છે. એ " હું " કાળના અંત સુધી કાયમજ રહેવાનું છે. અને નિરંતર ચઢતા ક્રમે તેની ઉર્ધ્વગતિ હોવા છતાં " હું " તો તેનું તેજ રહેવાનું. એનું સ્થાન બીજું કોઇ લઇ શકે તેમ નથી. સર્વ સ્થિતિઓ–સુખમાં દુઃખમાં, પ્રમોદમાં–ગ્લાનીમાં–તમારૂં " હું " સ્થિરજ રહેવા નિર્માએલું છે. બાળકપણાની અવસ્થામાં જે તત્વ " હું " રૂપે હતું તે જ તત્વ અત્યારે પણ તમારામાં " હું " રૂપે વિરાજે છે. અને ભાવિમાં તમે વિપુલ ધનવાન, જ્ઞાનવાન, શકિતમાન અને ઇશત્વ સંપન્ન થશો તો પણ એજ " હું " ત્યાંનું ત્યાં રહેશે. તે દિવ્ય સ્ફુલીંગનો પ્રકાશ કદીજ હોલાવાનો નથી.

આ જમાનાની મોટી જનસંખ્યામાં " હું " પણાની વાસ્તવીકતાનો ખ્યાલ બહુજ મંદ વર્તે છે. અલબત તેઓ પોતે છે એમ તેઓ કબુલ કરે છે, અને તેઓ ખાય છે, ઉંઘે છે, જીવે છે, વ્યવહાર ચલાવે છે, એ આદિ રૂપે તેમને પોતાપણાનું ભાન પણ અનુભવાય છે, પરંતુ એ ભાન એક પશુ કોટીના જીવાત્માઓના ભાન કરતા બહુ ઉંચી કોટીનું ગણાય નહીં. આત્મા સામર્થ્ય અને પ્રભાવનું એક મહાન કેન્દ્ર છે એ સાક્ષાત્કાર પ્રત્યે હજી સમાજ જાગૃત થયો નથી. એ ભાન ઉદય થતાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાથેજ માણસ બદલાઇ જાય છે અને તેનામાં અપૂર્વ વર્ચસ્ પ્રતીત થવા માંડે છે. કેટલાક માણસો ઉપયોગ રહિતપણે આ પ્રકારના ભાનવાળી સ્થિતિમાં ન્યુનાધિક અંશે આવેલા છે. સામાન્ય જનવર્ગની મર્યાદાઓ ઉલ્લંઘી કોઇ નવી સૃષ્ટિમાં પ્રવેશ્યા હોય એમ તેમને જણાય છે. આવા મનુષ્યો વિશ્વમાં શુભ અથવા અશુભ પ્રકારની મહાન સત્તા ચલાવી શકે છે. જે મનુષ્યોને થોડે ઘણે અંશે પણ પોતાનું સ્વત્વ હાથ લાગે છે તેઓ આસપાસના વિશ્વ ઉપર પોતાનો અમલ બેસારી શકે છે. અને દુનીઆને પોતાના સંકલ્પ પ્રમાણે ચલાવી શકે છે. આમ થાય છે એ કેટલેક અંશે કમનસીબ ભરેલું છે. પરંતુ " હું " પણાના ભાનમાં પ્રવેશવા સાથે જે પ્રકારનું જ્ઞાન જોઇએ તે જ્ઞાનની ખામી હોય ત્યાં એમજ બને છે.

" હું " નો સાક્ષાત્કાર કરવા ઇચ્છનારે પોતે એક સામર્થ્ય અને પ્રભાવનું કેન્દ્ર છે એમ કબુલ કરવું જોઇએ. અને તે પ્રકારે **અનુભવવું** જોઇએ. આ તેનો પ્રથમ પાઠ છે. આ અર્થમાં અને આ સમજણ સહિત " હું " શબ્દને તમારા મન ઉપર દૃઢપણે અંકિત કરો અને તમારી જ્ઞપ્તિના ઉંડા અંતસ્તમ પ્રદેશમાં એને મૂળ ઘાલવા દો. ક્રમે કરીને તે તમારા જીવનમાં ઓતપ્રોત થતું જશે. પછી તમે જ્યારે જ્યારે "હું" એ શબ્દનો ઉચ્ચાર કરો ત્યારે ત્યારે તે શબ્દ સાથે સંકલ્પબળ, સામર્થ્ય અને પ્રભાવની ભાવનાને પણ જોડતા જાઓ. તમે તમને એ પ્રકારે નિરંતર જોવાની ટેવ પાડો. તમે ઉપર કહ્યા તેવા પ્રકારના સત્તાવાન કેન્દ્ર છો અને તમારી આસપાસ તમારી સૃષ્ટિ ફર્યા કરે છે એ ભાવનાને આરૂઢ બનાવો. જ્યાં જ્યાં તમે જાઓ ત્યાં ત્યાં તમારા વિશ્વનું કેન્દ્ર પણ સાથેજ છે એમ જુઓ. તમે એક અચળ, અમર, અને સત્તાપૂર્ણ જ્ઞપ્તિનું બિંદુ છો અને આસપાસનું વિશ્વ તમારી આસપાસ તેની નિયત કક્ષામાં ફર્યા કરે છે એમ જોતા શીખો. અધ્યાત્મવિદ્યાની મહાદિક્ષાનું આ પ્રથમ સૂત્ર છે.

આ પ્રકારના અનુભવને દૃઢ કરવાની અનેક વિધિઓ છે. તેમાંથી એક સૌથી અધિક પ્રચલિત આ પ્રકારે છેઃ–શાંતિવાળા સ્થાનમાં સ્થિર આસને બેસી "હું" છું એ મંત્રને ધીરેધીરે, ગંભીરપણે થોડો વખત જાપ કરો. આમ કરવાથી મન "હું" ની ભાવના ઉપર કેન્દ્રીભૂત થાય છે, અને એ ભાનને અધિકાધિક બળવાન બનાવે છે. ઈંગ્લાંડના સુવિખ્યાત રાજ્યકવિ લૉર્ડ ટેનીસને આ કળા સિદ્ધ કરી હતી. તે લખે છે કે તેની પ્રતિભા તેણે આજ પ્રકારે જાગૃત કરી હતી. તે નિરૂપદ્રવ સ્થાનમાં જઇ ઘણીવાર પોતાનું નામ ધીરેધીરે ઉચ્ચારતો અને તેજ વખતે પોતાના સ્વત્વ (identity) ઉપર તે એકાગ્ર ચિત્ત બની જતો. તે પોતાની ડાયરીમાં લખતો ગયો છે કે એમ કરવાથી તેને પોતાના સતૂપણાની અને અમરત્વની પ્રતીતિ થઇ હતી. ઘણાં અપૂર્વ કલ્પક ( original ) લેખકો, વિચારકો અને કવિઓ આ પ્રકારેજ પોતાના વાસ્તવ સામર્થ્યના પ્રભવસ્થાનને શોધી શકયા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણા મનુષ્યો હું એ શરીર છે એવા પ્રકારના ભાનમાંથી મુક્ત થઇ શકતા નથી આ વિઘ્નનું નિવારણ આત્મા, દેહ અને મનથી સ્વતંત્ર છે એવા પ્રકારનો નિશ્ચય થતાં થાય છે. ઘણા મનુષ્યોને આ પ્રકારનો સાક્ષાત્કાર એક ચમકારાની માફક તુર્તજ થાય છે અને ઘણાને દીર્ઘ અભ્યાસના અંતે થાય છે તે અભ્યાસ આ પ્રમાણે સિદ્ધ કરવો યોગ્ય છે; લુગડાની જોડને જેમ તમારાથી તમે અત્યંત ભિન્ન અને એક ઢાંકણરૂપે માનો છો તેમ શરીર એ તમારા વાસ્તવ "હું" નું ઢાંકણ અથવા હથીઆર છે એમ ચિંતવો; શરીરથી તમે છુટા પડો તોપણ તમારૂં "હું" કાયમજ રહેવાનું એમ કલ્પના વડે જોવાનો અભ્યાસ રાખો. શરીરથી જાણે છુટા પડી ગયા છો અને એક વસ્ત્રના ઢગલાની જેમ છેટે પડયું છે એમ મનોમયરીતે જુવો અને તે વખતે શરીર એ તમારૂં ખોખું અથવા કોશ હતો અને હાલ તમે એ ફેંકી દીધું છે એમ કલ્પો. શરીર તમારા આધિપત્ય તળે તમારા યંત્રરૂપે છે અને તમે તેને ગમે તેવું બનાવવા અને તમારા અનુકુળ આવેષ્ટનરૂપે વાપરવા મુખત્યાર છો એમ જુવો. દેહ અનેક છુટા અને પરિવર્તનશીલ પરમાણુઓનો સંઘાત છે. અને તે તમારા સંકલ્પ–બળ વડે અથવા તમારા "હું" ની આજ્ઞા વડે એકત્રરૂપે ઉભો છે એમ જુવો. ટુંકમાં તમે થોડા વખત માટે આ દેહને ધારણ કર્યો છે અને તમારી સગવડ સચવાય તેટલા માટે એક ધર્મશાળાની માફક વાપરો છો એમ અનુભવો.

અભ્યાસ સિદ્ધ થયા પછી દેહ સંબંધી ભાવના નડતી બંધ થઈ જશે અને "હું" નો વાસ્તવ આત્મસ્વરૂપ સાથે અભેદ બન્યા પછી દેહ એ 'હું" છું એવી વૃતિ વિલય પામી જશે તેમ થયે "મારૂં શરીર" એ વાક્ય તમે નવાજ અર્થ સાથે બોલી શકશો અત્યારે જેમ તમે મારૂં "પુસ્તક" "મારૂં વસ્ત્ર" આદિ વાકયો બોલતી વખતે જેમ પુસ્તક કે વસ્ત્રમાં પોતાપણાનો આરોપ કરતા નથી, તેમ ઉપરોક્ત અનુભવ થયા પછી દેહ સંબંધે પણ પોતાપણાનો આરોપ થતો બંધ પડવાનો, તેમ છતાં દેહ એ આપણા વાસ્તવ સ્વરૂપથી પર હોવાના કારણથી, તેની ઉપેક્ષા કરવી ઘટતી નથી. આજકાલ સ્વરૂપ પ્રાપ્તિના નામે દેહદમન અને શરીરની પાયમાલી કરવાનો જે વા વાયો છે તે ધર્મના મૂળ હેતુથી અત્યંત વિરોધી છે. શરીર એ પરમાત્માને વસવાનું મંદિર છે, અને આત્મિક સંવર્ધનની અમુક હદે પોચતા સુધી તેની અનિવાર્ય અગત્ય છે. આત્માની પ્રગતિનો આધાર, આપણી વર્તમાન ભૂમિકાએ તો, દેહના આરોગ્ય અનારોગ્ય અને બળાબળ ઉપર રહેલો છે. માણસો પોતાના વસ્ત્ર, ઘર, આદિ ઉપકરણોને પોતાથી ભિન્ન અને પર સમજતાં છતાં ગમે તેવા જીર્ણ વસ્ત્ર કે માટીના કોટડાથી ચલાવી લેવાની ઉદારતા દર્શાવતા નથી. પરંતુ દેહ એ આપણો નથી અને એક કાળે તે દગો દેવાનો છે એવી અર્ધ–ઘેલી સમજણના વેગમાં તણાઇ જઇ તેના તરફ બેદરકારી બતાવે છે, અને એ પ્રકારે પોતાના નિકટના અને અતિ ઉપયોગી સોબતીને આ જન્મમાં તે વડે સાધવા યોગ્ય કાર્ય માટે, નિરૂ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પયોગી બનાવી મુકે છે. કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે દેહ આપણા સ્વામિત્વ તળે છે અને તે આપણા સંકલ્પને અનુસારવા નિર્માએલું છે એવો નિશ્ચય આત્મામાં દ્રઢપણે અંકિત થવો જોઇએ, તેમ થયેથી તેને આપણા સંકલ્પ પ્રમાણે નિરૂપી, યોજી અને વાળી શકાય છે.

આટલું થયા પછી આત્મા અથવા " હું " અમર છે, તેનો વિનાશ કદી પણ થવાનો નથી, એવા અનુભવ થવો અર્થે અભ્યાસ અથવા સંયમ સાધવાની જરૂર છે ઘણા " ધર્મી " ગણાતા મનુષ્યો આ વાતને શ્રદ્ધાથી તો સ્વિકારે છે પરંતુ તેમના અંતઃકરણની ઉંડાણમાં એ માટે શંકા રહ્યા જ કરતી હોય છે. ઘણા શ્રદ્ધાવાન મનુષ્યો પણ પ્રસંગ આવ્યે આ પ્રકારનો પ્રશ્ન આગળ ધરે છે કે " આત્મા અથવા " હું " અમર છે તેની સાબીતી શું ?" આ પ્રશ્નનો જો કે બુદ્ધિવડે સામાના હૃદયમાં ઉતરી શકે તેવો ઉત્તર આપી શકાય તેમ નથી, કેમકે જે અનુભવ અભ્યાસ અને ચિંતવનથી મળી શકે તેમ છે તે માત્ર તર્ક અને બુદ્ધિવિલાસથી મળી શકવા યોગ્ય નથો છતાં જ્યારે બુદ્ધિથી જ, અને તે પણ પરોક્ષ રીતે, આત્માના અમરત્વની સાબીતી આપવાનું પ્રાપ્ત થાય છે તો તે નીચે પ્રમાણે છે.—

શાંત ચિત્તે એક નિરૂપદ્રવ સ્થાનમાં બેસો અને કલ્પના કરો કે જાણે તમે મરી ગયા છો. અર્થાત જાણે તમારૂં કોઈ રૂપે અસ્તિત્વ જ નથી એવું માનસિક ચિત્ર રચવા પ્રયત્ન કરો. આ વાંચતી વખતે તમને એવું ચિત્ર રચવું એ બહુ સરળ અને ધારો તે વખતે એમ કરી શકાય, એવું માનો છો, પરંતુ ખરીરીતે એવી કલ્પના તમારાથી બની શકે જ નહી; તમે તમારા " હું " આગળ જ્યારે એવી દરખાસ્ત કરો છો ત્યારે તેનો અમલ કરવાની તે ચોખ્ખી ના પાડે છે. શા માટે ? કેમકે આત્યંતિક વિનાશ એ તેના સહજ સ્વરૂપથી વિરોધી છે. એવી સત્ય વિરોધી કલ્પના કરવી એ તમારાથી બની શકે તેમ નથી જ. તમે આગળ વાંચવું પડતું મુકી અત્યારેજ તમને મરેલા ચિંતવવાનો અત્યારેજ પ્રયોગ કરી જુવો તમે એ પ્રમાણે કરો છો એમ અમે ક્ષણભર માનીએ છીએ. મરવાની કલ્પના કરતા તમે પ્રથમ મનોમય રીતે શું જુવો છો ? જાણે કે તમારો દેહ નિર્જીવ બની છેટે ઢગલાની માફક નિશ્ચેષ્ટ પડયો છે, અને તમે તેના ભણી જોયા કરો છો. હવે તમે જોઇ શકશો કે કલ્પનામાં પણ તમે પોતે મુવેલા નથી—મરી જવાની કલ્પના પણ કરી શકતા નથી. માત્ર તમારા શરીરને તમે મુવેલું જુઓ છો. કલ્પનાને ગમે તે રીતે મરડી જુવો, પરંતુ તમે પોતે એ કલ્પનાના દ્રષ્ટાપદેજ રહેવાના; ગમે તેવી કલ્પનામાં તમારૂં "હું" તો જીવંત રહેવાજ આગ્રહ કરે છે કેમકે અમરત્વ એ તેનો સહજ સ્વભાવ છે. મનુષ્ય સત્યની વિરોધી કલ્પના કદી કરી શકતો નથી. જે કાંઇ કલ્પનામાં આવી શકે છે તે સત્યના પાયા ઉપર સ્થિર છે. જે બનવા યોગ્ય નથી તે કલ્પનામાં પણ નથી હોઇ શકતું, નિદ્રામાં અથવા ગાઢ તંદ્રા ઉપજાવનારી દવાના પ્રયોગ વડે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અથવા ઉત્કટ દર્દના યોગથી થયેલી મૂર્છા કાળે મન જ્યારે શૂન્ય બનેલું જણાય છે તે વખતે પણ અસ્તિત્વના અખંડ પ્રવાહનું ભાન આત્મા અંતસ્તમપણે અનુભવતોજ હોય છે. આથી જો કે મનુષ્ય પોતાને ઉપયોગ રહિત સ્થિતિમાં, નિદ્રામાં, અથવા મૂર્છામાં હોવાનું સહેલાઈથી કલ્પી શકે પણ જ્યારે તે "હું" ના આત્યંતિક વિલયની કલ્પના કરવાનો પ્રયત્ન કરે છે ત્યારે મન તે કલ્પનાનું ચિત્ર રચવાની ચોખ્ખી ના પાડે છે. આત્મા પોતાના અમરત્વની સાબીતી પોતાના સ્વરૂપની સાથેજ લઈને વિહરે છે તેમ છતાં તેનો સંપૂર્ણ અનુભવ તો વિકાસક્રમની ઘણી ચઢીઆતી હદે આવ્યા પછીજ થાય છે.

અમરત્વ એ આત્માનો જન્મહક છે. અને પોતાનું સ્વરૂપ અને સંભાવ્યતાઓને તે શોધી શકે તેટલા માટે તેણે અભ્યાસ અને ચિંતવનવડે તે વાતનો પ્રગાઢ અનુભવ મેળવવો જોઈએ. આત્મા વસ્તવમાં અમર અને કાળના અંત સુધી આયુષ્માન છે. પુનઃ પુનઃ આ મર્મને અનુભવગત કરવાનો અભ્યાસ સેવો. આ સત્યનું સહજ સરખું ભાન પણ ઉદ્દભમાન થતાં સામર્થ્ય અને પ્રતિભાનું અપૂર્વ ભાન થવા લાગે છે. આત્મા જાણે પોતાના વારસામાં પ્રવેશતો હોય એમ અનુભવાય છે. પુનઃ પુનઃ એમ ચિંતવો કે જળ, અગ્નિ, વાયુ, આદિ તત્વો તમારા સ્વરૂપનો ભેદ કરવા અશક્ત છે. અને જાણે કે તેમની કસોટીમાં ઉતરવા છતાં પણ તમારૂં સ્વત્વ જેમનું તેમ કાયમી રહ્યું છે. કલ્પનાના બળથી તમે અશરીરી બની અગ્નિમાં જાઓ છતાં ત્યાં પણ અદગ્ધ રહ્યા છો એમ જુવો. મહાસાગરના તળીએ ડુબેલા છતાં તમને કશીજ ઇજા થઇ નથી એમ અનુભવો. નિરવધિ આકાશમાં નિરંકુશ પણે મથન કરવા છતાં જાણે તમને વાયુની કશી જ અસર થતી નથી એમ કલ્પો. યોગવિદ્ મહાજનોએ આ પ્રકારના અનેક વિધ ધ્યાનના સ્વરૂપો પોતાના ગ્રંથોમાં આપેલા છે તેમાંથી તમને પ્રિય જણાય તે એકાદ ગ્રહણ કરી તમારા અમરત્વની પ્રતિતી મેળવવા પ્રયત્ન કરો.

ખરૂં છે કે અત્યારે તો આપણે શરીરના ઉપર થતી અસરોવડે અસરવાળા છીએ, તેમ છતાં આત્મા પોતાના વાસ્તવસ્વરૂપે દેહથી અતિ રિકત છે,–તેના ઉપર વાયુ, અગ્નિ, જળ આદિની અસર થતી નથી,–વિશ્વનો કોઈ પદાર્થ તેને લેશપણ સ્વરૂપ હાનિ કરી શકતો નથી,–એવા પ્રકારનો આંતરિક અનુભવ જ્ઞપ્તિવિકાસમાં (unfoldment of consciousness) પ્રબળ સહાય આપે છે. આપણે દેહ નહી પણ આત્મા છીએ એ અનુભવ આપણા જીવનમાં મહદ્ પરિવર્તન કરી શકે છે. આત્મા અમર, અજેય અને કશાવડે હાનિ નહી પામવા યોગ્ય છે એવા ભાનમાં જ્યારે મનુષ્ય પ્રવેશે છે ત્યારે તે જે શકિતનો અનુભવ કરે છે તેનું વર્ણન વાણીની મર્યાદામાં આવી શકે તેમ નથી. કેમકે એવો અનુભવ મેળવવા પ્રત્યે હજી આ યુગના મનુષ્યો જાગૃત થયા નથી. તે અનુભવ થયા પછી ભય એક જીર્ણ વસ્ત્રની માફક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સરી પડે છે, અને જાણે નવો જન્મ થયો હોય એવો અનુભવ થાય છે. પ્રાણી પદાર્થોવડે હાની પામવાના ખ્યાલથી મુક્ત થવાય છે, અને જે કાંઈ હાની થાય છે તે મારા શરીરને જ થાય છે, અને તે પણ, પોતાના અમરત્વના ભાનથી નવા બળમાં પ્રવેશેલા આત્માના પ્રબળ સંકલ્પવડે નિવારી શકાય છે એમ નિશ્ચય થાય છે.

આ પ્રકારનું ભાન મેળવવા પ્રત્યેક સ્વરૂપ જીજ્ઞાસુએ યત્નવાન થવું જોઇએ પ્રગતિ બહુ ધીરી જણાય તો નિરાશ થવાનું નથી. એક પગલું આગળ વધ્યા પછી વળી તે ગુમાવી દેવાનો પ્રસંગ આવે તો પણ આશાહિન બનવાની જરૂર નથી. સ્વરૂપ પ્રવેશમાં પ્રયાણનો ઇતિહાસ એવા વ્યકિતકરોથી ભરેલો જ હોય છે. મહાજનોના સબંધે પણ એવા અનેક કરૂણરસ પ્રધાન પ્રસંગો બનેલા આપણે સાંભળીએ છીએ, આથી આશાભગ્ન, કર્તવ્યભિરૂ નહી બનતા આગળ વધવા પ્રયત્ન નિરંતર કરવો એ જ મનુષ્યનું ખરૂં પરાક્રમ છે. વિજય વહેલો મોડો મળવાનો જ એમાં શંકા જેવું નથી. શાંતિ.*

અધ્યાયી.

॥ શ્રી જીનેશ્વરાય નમઃ ॥

# જ્ઞાનદાન.

જ્ઞાનના દાન સખા! વીરના છે વ્હાણ ! વીરના વ્હાણમાં આપણાં રહેઠાણ !
આપણા રહેઠાણ સહ, નીતિના બાણ ! નીતિના બાણ થકી, વીર ઓળખાણ ! !
વીર ઓળખાણ સખા ! આત્મની ઓળખાણ ? આત્મની ઓળખાણ સખા ! બાકી શું લ્હાણ ?
વીર ઓળખાણમાં, ધર્મના નિધાન ? (હે પ્રિયવાચક ?) ધર્મના નિધાન થકી તરીશું આ *ઝહાંન ! !

જૈન બોર્ડીંગ,
તા. ૨૭ મી જુન ૧૯૧૫
રવિ—ભાવનગર.

ગુલાબચંદ મૂળચંદ બાવિસી.

* આ લેખના પા૦ ૩૨૧ માં ૨૮ મી લીંટીમાં " જૈન ધર્મની ઉત્પત્તિકાળે " એમ લખેલું છે તે અપેક્ષાએ છે. ધર્મ તો પ્રવાહથી અનાદિ છે પરંતુ આ ક્ષેત્રના ઉદયકાળે—ઉન્નતિના કાળે એવા અર્થમાં છે.

મેનેજર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી

# ( દશપુર જેને વર્તમાનમાં મંદસોર કહે છે તેની ઉત્પતિ તથા ત્યાં મુનિ મહારાજશ્રી હંસવિજયજી મહારાજશ્રીનો પ્રવેશ મહોત્સવ. )

મનોહર માલવ દેશની અંદર મંદશોર નામે નગર છે જેને પૂર્વમાં દશપુર કહેતા હતા. તેની ઉત્પતિ શ્રી આવસ્યક-વૃત્તિમાં આ પ્રમાણે લખી છે કે, જેને કંપાયમાન કરવું અશકય છે એવી ચંપા નગરીમાં સ્રીલંપટ કુમારનંદી સોનાર નિવાસ કરતા હતા. જે ધનદ જેવા ધનાઢય હોવાથી બહુ ધનવ્યયદ્વારા ૫૦૦ પત્નિના પતિ થઇને એક સ્થંભિયા મહેલમાં દેવીઓની સાથે દેવરાજાની જેમ વિલાસ કરતા રહેતા હતા એટલામાં હાસા પ્રહાસા નામની વ્યંતર દેવીઓના પતિ વિદ્યુનમાલી દેવ ચવી ગયા, ત્યારે તેઓએ આ સોનારને મોહિત કર્યા.

કામાંધ સોનાર નાવા તથા ભારંડ પક્ષિદ્વારા પંચશૈલ દ્વીપમાં પહોંચ્યા. પરંતુ દેવીઓએ કહ્યું કે મનુષ્યના અશૂચીભુત અંગથી અમારો સંગ નહિ થાય જેથી પુનઃ સ્વસ્થાન જઇને તું દાન પુણ્ય પૂર્વક હાસા પ્રહાસા ના પતિ પંચ શૈલાધીશ હોવાને નિયાણું કરી અગ્નિ પ્રવેશ કર. સોનારે કહ્યું પાછો કેવી રીતે જાઉં. ત્યારે દેવીઓએ ચંપાનગરીના ઊદ્યાન છોડી દીધો. તેને શ્રમણોપાસક નાગિલમિત્રે નીવારણ કર્યો. પરંતુ અગ્નિમાં પડીને પંચશૈલાધિશ બન્યા, મિત્રના કષ્ટથી ખિન્ન થઇને નાગલિ શ્રાવકે દિક્ષા અંગિકાર કરી અને બારમા દેવલોકમાં પેદા થયા.

એકદા નંદિશ્વર તિર્થની યાત્રામાં વિદ્યુનમાલીદેવ અભિમાનથી ઇંદ્રની આગળ પડહ બજાવવાને આનાકાની કરવા લાગ્યા. ત્યારે ઇંદ્રે જોરથી તેના ગલામાં પડહ નાખ્યો. હવે શક્રેન્દ્રથી ડરીને તે પોતાના વાદ્યને બજાવવા લાગ્યા. આ વૃતાંતને અવધિજ્ઞાનથી જાણીને નાગિલદેવ આવ્યા. અને બોધ કર્યો ત્યારે તેણે શ્રી મહાવીર સ્વામીની મૂર્તિ બનાવીને એક સાંયાત્રિકનો છ માસ સુધી તોફાનમાં ફસાએલા નાવને બચાવીને કહ્યું કે આ સંધુકમાં શ્રી દેવાધિ દેવની મૂર્તિ છે તે રાજાને દેવી પોતે નિર્ભયપણે વિતભય નગરમાં પહોંચીને ઉદાયન રાજાને આપી. તે તાપસ ભકત હોવાથી આ રાજાને અન્ય દેવોના નામથી સંધુક ખોલવી શરૂ કરી તો પણ તે કુહાડાથી પણ સંધુક ખોલાણી નહિ. ત્યારે શ્રાવિકા પ્રભાવતી રાણીએ હાજર થઇને દેવાધિદેવ અર્હન પરમાત્માના વિધિ પૂર્વક નામ લઇને પેટીને કમલ કોષની પેઠે ઉઘાડી નાખી.

તેમાંથી દેવનિર્મિતે મૂર્તિ નીકળી તેને નવીન દેવાલયમાં પધરાવીને રાણી પૂજવા લાગી. એકાદ રાણી નાટક પુજા કરતી હતી અને રાજા પોતે વિણા બજાવતા હતા એટલામાં રાણીનું મસ્તક નહિ દેખવાથી વીણા રાજાના હાથમાંથી પડી ગઇ. દેવીએ ભકિત ભંગ થવાથી સતેજ થઇને કહ્યું કે શું મેં બેતાલ નાટક કર્યું ? એવા નિર્બંધથી પુછતા રાજાએ મૃત્યુ નિમિત દેખવાની યથાર્થ હકીકત કહી. રાણીએ કહ્યું કે મેં શ્રાવક ધર્મ પાલન કર્યો છે જેથી મને મરણનો ભય નથી. એક દિવસ દર્પણ દ્વારા રાણીથી દાસીનું મરણ થયું. આ અકાલ મૃત્યુથી રાણી બહુ દીલગીર થઇ, મેં આદ્યવ્રત ખંડિત કર્યું એવું કહી રાજા પાસે અનશન કરવાની રજા માગી, રાજાએ કહ્યું કે, મને પ્રતિબોધ કરવાની કબુલાત કર. આ બાબતની પ્રતિજ્ઞા રાણીએ કરી અનશન કર્યું, અને દેવલોકમાં દેવ પણે ઉત્પન થઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગ્રંથાતરમાં પ્રતિજ્ઞાપૂર્વ દિક્ષા ગ્રહણ કરવાનું પણ લખ્યું છે. રાણીની આજ્ઞાનુસાર કુબડી દેવદત્તા દાસી પ્રતિમા પૂજન કરતી હતી. અહિંઆ દેવતાએ પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરવાને માટે સ્વપ્નાદિ દ્વારા રાજાને પ્રતિબોધ કરવો શરૂ કર્યો, પરંતુ રાજાને અસર થઇ નહિ ત્યારે દેવતાએ તાપસનું સ્વરૂપ લઇને રાજાને દિવ્ય ફલ આપ્યું. સ્વાદલુબ્ધ રાજા એવા ફલ લેવા માટે માયા તાપસની સાથે તાપસના આશ્રમે ગયા. તાપસ લોકોએ ફલ તોડતા રાજાને જોઇને તાપસલોક મારવાને દોડયા, ત્રાસથી ભાગતા રાજાએ જૈન મુનિને જોયા, મુનિવર્યે અભયવચન દઇને ધર્મોપદેશ આપ્યો. સ્વીકર થતા દેવે પ્રભાવતીનું સ્વરૂપ ધારણ કરી કહ્યું કે હે રાજન ! મને આ જૈનધર્મથી દેવરૂદ્ધિ પ્રાપ્ત થઇ છે જેથી તમારે જૈન ધર્મમાં દ્રઢ થવું જોઇએ. એ પ્રમાણે કહી બીજા કાર્યોવડે યાદ કરશો એમ કહી દેવ સ્વસ્થાન પ્રત્યે ગયા. રાજા રાજસભાએ પોતે પોતાને જોઇને જૈન ધર્મમાં દ્રઢ થઇ ગયા. એ વખતે ગાંધાર શ્રાવક સર્વ તિર્થોની યાત્રા કરીને વૈતાઢય પર્વતના ચૈત્યોની યાત્રા નીમીત તિવ્રતપ કરવા લાગ્યા. શાસનદેવી સંતુષ્ટ થઇને શાશ્વત ચૈત્યોની યાત્રા કરાવીને સર્વ કામપ્રદ ૧૦૦ ગોળીઓ આપી. હવે ગાંધાર શ્રાવક દિવ્યપ્રતિમાનાં દર્શન કરવાને વિતભયનગરમાં આવ્યા ત્યાં જેને અતિસારનો રોગ હતો તે દેવદત્તાની સહાયતાથી નષ્ટ થયો. કૃતજ્ઞ શ્રાવકે દાસીને ગોલીઓ આપીને દિક્ષા અંગીકાર કરી. કુબડી ગુટીકા પ્રયોગથી સુવર્ણ સમ થઇ અને ચંડપ્રદ્યોત રાજાને પતિ કરવા ધાર્યું, તે અનલગિરી હાથી ઉપર બેસીને લઇ જવામાં આવી. દાસીએ કહ્યું કે આ દિવ્ય પ્રતિમાને છોડીને હું નહિ આવું ત્યારે રાજાએ તેવી બીજી પ્રતિમાજી બેસારીને મૂલ દિવ્ય મૂર્તીની સાથે દાસીને લઇ ગયા. આ વાતની બાતમી મળવાથી તેજ દિવ્ય પ્રતિમાને પાછી લાવવાને માટે દશ મુગટબંધ રાજાઓની સાથે ઉદયનરાજાએ ચઢાઇ કરી, જેઠ મહિનો હોવાથી પાણી વિના લશ્કરને ઘણી મુશ્કેલી થઇ, ત્યારે પ્રભાવતી દેવતાએ આદ્ધિ મધ્ય અને છેવટે ત્રણ પુષ્કર (તળાવ) બનાવી આપ્યાં (જેને લૌકીકમાં પુષ્કરજી તિર્થ કહે છે તે તલાવ બનાવ્યા)

હવે રાજા સ્વસ્થ થઇને ઉજ્જયની પહોંચ્યા, ફરી દુત મારફત ચંડપ્રદ્યોતને કહેવરાવ્યું કે લશ્કરનો નાશ કરવાની કાંઇ આવશ્યકતા નથી મરજી હોય તો આપણ બંને વાહન ઉપર ચઢીને અથવા પેદલ ચાલીને તુલ્ય રિતીમાં રણભુમીપર યુદ્ધ કરીએ અને બંને સેનાના જુદાન બાજુ રહીને જુએ. પ્રદ્યોતન રાજાને સ્વીકાર કર્યું અને કાલે સવારમાં રથપર બેસીને રણભુમીમાં આપણે યુદ્ધ કરીશું, આ પ્રતિજ્ઞાનો ભંગ કરી પ્રાતઃકાળે પ્રદ્યોતન રાજા અનલગિરી હાથી ઉપર આરૂઢ થઇ આવ્યો અને ઉદાયન રાજા પણ પ્રતિજ્ઞાનુસાર રથારૂઢ થઇને આવ્યા અને કહેવા લાગ્યા કે હે ! રાજન ! પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થઇને આવ્યો છે પરંતુ તારો છૂટકારો નથી. હે પ્રદ્યોતન ! તું મારા બાણરૂપ સૂર્યની આગળ ખદ્યોત ( ખજુવા ) જેવો થઇ જઇશ. એવું બોલી રથને મંડલાકારમાં ફેરવી હાથીના પગોમાં બાણ લગાવ્યું. હાથી પડતાંજ ચંડપ્રદ્યોતન પડી ગયો તેના કપાળમાં દાસીપતિ એવા અક્ષરાંક કરાવી ઉદાયનરાજાએ તેને કેદ કરી લીધો અને અવંતીમાં પ્રવેશ કરીને પોતાની આણ ફેરવી. ફરી દિવ્યપ્રતિમાજીને લેવા લાગ્યા ત્યારે અધિષ્ટાતા દેવીએ મના કરી ૧ ગ્રંથાતરમાં ધુલવૃષ્ટીથી પટ્ટન દટ્ટન હોવાના કારણે મના કરી લખ્યું છે.

ત્યારે રાજા પોતાના શહેર તરફ રવાના થયા. પરંતુ ચોમાસાના કારણથી પડાવ કર્યો. ધૂલનો કીલ્લો બનાવીને દશે રાજા ચારે તરફ છાવણી નાખીને રહ્યા. હજુ સુધી પ્રદ્યોતરાજા કેદમાં છે પરંતુ ઉદાયન મહારાજા તેને પોતાની સાથેજ ભોજન કરાવતા હતા. એક દિવસ રસોઇઆએ પર્યુષણના દિવસમાં પુછ્યું કે તમારા માટે શું રસોઇ કરૂં ?, ચંડપ્રદ્યોતને મરણના ભયથી કહ્યું કે હે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રસવતીકાર ( રસોયા ) કોઇ દીવસ નહિ ને આજે પુછે છે તેનું શું કારણ ? તેણે કહ્યું:—" પર્યુષણ હોવાથી રાજેન્દ્રે આજ ઉપવાસ કર્યો છે. તે કહેવા લાગ્યો કે જો આજે પજુસણ હોય તો મારે પણ ઉપવાસ છે કારણ કે મારા માતપિતા પણ શ્રાવક હતા. આ વાત રસવતીકાર પાસેથી સાંભળી મહારાજાએ કહ્યું કે એ ધૂર્ત છે. તથાપિ તેને કેદમાં રાખીશ તો મારૂં સાંવત્સરી પ્રતિક્રમણ કેવી રીતે શુદ્ધ થાય ? એવો વિચાર કરી તેને છોડી દીધો અને તેના અપરાધની ક્ષમા કરીને માલવ દેશ પાછો આપ્યો. વર્ષાકાલ પુર્ણ થવાથી ઉદાયન રાજા પોતાના દેશમાં પહોંચી ગયા. પરંતુ તે છાવણીમાં વેપારને માટે જે જે લોકો આવ્યા હતા, તે ત્યાંજ આબાદ થયા તે કારણથી દાસપુર નામે નગર થયું. આ નગરમાં ૯ા પૂર્વપાઠી શ્રી આર્યરક્ષિત મહારાજ ઘણા ધુરંધર જૈન શ્વેતામ્બરાચાર્ય થયા હતા. જેઓએ આર્હંત ધર્મની ઉન્નતિ માટે ૭ અનુયોગ દ્વારને પ્રથક્ કરીને ભારતવર્ષના જૈન સંઘની ઉપર ઘણો ભારી ઉપકાર કર્યો છે. જેના અવલંબનથી શ્રી જૈનશાસન ભૂમંડલમાં અસ્ખલીત વિજયવંત થઇ રહ્યું છે. સાંપ્રતકાળમાં દશપુરનું નામ બદલાઇને મંદસોર શહેર થયું છે. પરંતુ આ શહેરની આજુબાજુ દશ બાર પરાઓ હમણાં પણ મોજુદ છે. કેટલાક પરામાં જૈન મંદિરો તથા શ્રાવક લોકોની વસ્તી પણ વિદ્યમાન છે આ શહેરમાં ગુજરાતી ચૈત્ર વદી ૧૦ ના રોજ શ્રી વિજયાનંદ સૂરિશ્વર ( ઉર્ફે ) શ્રી આત્મારામજી મહારાજના પ્રશિષ્ય હંસવિજયજી મહારાજ તથા પન્યાસજી મહારાજ સંપતવિજયજી મહારાજનો ઠાઠમાઠથી પ્રવેશ મહોત્સવ થયો છે. યહાં પાઠશાળા નહિ હોવાથી મહારાજશ્રીએ બોધ આપ્યો તે સાંભળી ત્યાંના શ્રાવકોએ જૈન પાઠશાળા, કન્યાશાળા ખોલવાને માટે સો રૂપીઆની કમાઇવાલા એક રૂપીયો દર વરસે આપે તે પ્રમાણે પોતપોતાની કમાઇમાંથી દેતાં પ્રતિવર્ષ અંદાજ ૧૦૦૦) રૂપીયાની આવદાની થઇ છે. પાઠશાળા ચાલુ કરવાની તૈયારી ચાલે છે.

મળેલું.

## મુનિ વિહારથી થતા લાભો.

મુનિરાજશ્રી **વલ્લભવિજયજી મહારજ** વગેરે મુંબઇથી વિહાર કરી અનેક ભવ્ય જીવો ઉપર ઉપકાર કરતા કરતા, સુરતની આસપાસના નાના ગામો કે જ્યાં મુનિરાજોનાં દર્શન કે વિહાર ઘણાં વર્ષોથી થતાં જ નહીં. ત્યાંના અજ્ઞ જીવોને પ્રતિબોધ કરવા એટલામાં વિચરતા હતા, સુરતથી થોડે દુર બગવાડા ગામ છે જ્યાં કામ અધુરૂં હતું તે ત્યાંના શ્રાવકોની વિનંતિથી પૂરૂં કરવા જાવું થયું, પરંતુ ફરસના જોરાવર તે તરફ કાંઇ કારણને લઇ જવાનું નહીં થાતાં નવસારીથી કાલીઆવાડી થઇ **સીસોદરા** ફકત મહાત્માઓનું જાવું થયું,સીસોદરામાં પાલીતાણાની રેલ વખતની ભયાનક સ્થિતિમાં મદદ આપવા પરગણામાંથી શેઠ આણંદજી કલ્યાણજીના પત્રને અનુસારે કેટલીક રકમ એકઠી કરી અમદાવાદમાં મોકલી આપવામાં આવી હતી, પરંતુ કેટલાક વિઘ્નસંતોષીઓ વચમાં આડા આવ્યા. અને તેને લઇ કેટલીક નકામી તકરારો વધી પડેલ જેને લઇને રકમની શી વ્યવસ્થા થઇ તેની કોઇને પણ કાંઇ ખબર નહીં. ઉપલક કેટલાકોનું કહેવું થયું કે રકમ શેઠ આણંદજી કલ્યાણજીને ત્યાં શાહજોગી જમે છે. કહેવામાં આવ્યું કે ભાઇ ત્યાં જે કામને માટે રકમ ગયેલ તે આટલા દિવસ પડી રહે એ બનવાજોગ નથી, તેમ છતાં તે બાબતમાં બંને પક્ષની સહીઓ લઇ યોગ્ય વ્યવસ્થાનો રસ્તો બતાવી દેવામાં આવ્યો તે વ્યવસ્થાપત્ર અમદાવાદ મોકલી આપ્યું ,તેના જવાબમાં જણાવવામાં આવ્યું કે તમારી રકમ તેજ વખતે જે કામને માટે મોકલેલ તેમાં વપરાઇ ગઇ છે, એટલે હવે કાંઇ નવી વ્યવસ્થા થાય તેમ નથી. બસ એટલે નગારાં બધાયનાં ઢીલાંઢબ પડી ગયાં પણ તે અંગે જે તકરાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતી તે તો મેટી જઇ, બાકીની તકરારોનો તો પાર પાંચમો આરો પુરો થયે જ બધેથી પુરો થાય તો ભલે !

સીસોદરાથી **ઇચ્છાપુર** થઇ **અષ્ટગામ** જાવું થયું ત્યાં પણ સીસોદરાના અંગે તકરારે ઘર ઘાલી મુકયું છે, પણ **સમજાવવાથી** કાંઇક **સમજુતીપર** આવી સ્વામીવાત્સલ્ય ભેગા નોહતા **જમતા** તે ભેગા જમ્યા છે, તેમજ દેરાસર નોહતું તેને માટે ટીપ થઈ ગઇ છે, હવે દેરાસર બનાવવાની તજવીજમાં લોકો છે.

અષ્ટગામથી **સાતમ** થઇ **ટાંકલ** જાવું થયું જ્યાં દેરાસર ન હોવાથી તેની જરૂરત સુચવતાં ટીપ કરી લીધી છે, હવે જગા લેઇ મુહૂર્ત આવે કામ શરૂ કરવાની તજવીજમાં છે.

ટાંકલથી **નોગામા** થઇ **કરચલીઆ** જાવું થયું. કરચલીઆ ગાયકવાડી છે, પણ તે જાગીરદારોના હસ્તક છે. અત્રે પાંત્રીસેક ઘર શ્રાવકોનાં છે, તેમ છતાં કોઇ કારણને લઇ દેરાસરની તજવીજ થાતી ન હતી, **તેમને** ઉપદેશ આપી સમજાવી દેરાસરની તજવીજ કરાવી. કરચલીઆની પાસે એક ગાઉને ફાસલે નગધરા ગામનું **વાણીઆવાડ** કરીને એક ફળીયું છે પણ તેમાં વાણીઆનું ઘર એકે મળે નહીં, તેમ છતાં ત્યાં દેરાસર અને વાણીઆવાડ નામથી સાબીત થાય છે કે કોઇ વખતે ત્યાં વાણીઆઓની વસ્તી ભરચક હોવી જોઇએ. દેરાસરમાં જે મૂળનાયક શ્રી સંભવનાથ સ્વામીની પ્રતિમા તેમની પલાંઠી ઉપર નગધરાના શ્રીસંઘે આ પ્રતિમા **બ્યારામાં** ભરાવી છે. આવા મતલબનો લેખ છે, જેથી નગધરામાં શ્રાવકો હતા તે ત્યાં રહેતા હતા અને તેજ કારણને લઇ એ ફળીયાનું નામ વાણીઆવાડ પ્રસિદ્ધ થવા પામ્યું એ વાત સાબીત છે. કાળાંતરે ત્યાં ધીરે ધીરે વસ્તી ઘટવા માંડી તે એટલે સુધી કે વાણીઆ તો શું પણ બીજી કોઇ ઉચ્ચ વર્ણનું ઘર રહેવા ન પામ્યું આખરે ઉજ્જડ જેવું થઇ ગયું. થોડાં ઘણાં ઘરો છે તે પણ પ્રાયઃ હલકી વરણનાં અને તે નહીં જેવાં કહીએ તો ચાલી શકે.

કરચલીઆ નજીક હોવાથી કરચલીઆનો શ્રીસંઘ સદરહુ દેરાસરની સારસંભાળ રાખતો કરચલીઆના સંઘને આજુબાજુના શહેરો કે ગામોના ઘણાં લોકોએ ઘણી વખતે કહ્યું કે તમો એ દેરાસરને પોતાના ગામમાં પધરાવો પણ પાછળની ચાલતી કેટલીક દંતકથાઓને લઇ તેમની હિમ્મત ચાલતી નહીં. કહે છે કે સંવત ૧૯૨૫માં એક શ્રીપૂજ્યજી આવેલ તેમણે કરચલીઆના એક મુખી શ્રાવકને કહ્યું કે આ દેરાસર કરચલીઆમાં લઇ ચાલો. શ્રાવકે કહ્યું આપની મરજી એટલે શ્રીપૂજ્યજીએ પ્રભુને ગાદી ઊપરથી ઉપાડ્યા અને મ્યાનામાં પધરાવી કરચલીઆ તરફ પ્રયાણ કર્યું ! વાણીયાવાડથી કરચલીઆ આવતાં વચમાં એક નાની નદી આવે છે જ્યાં હમેશાં પાણી રહે છે તેની અધવચમાં આવ્યા કે મ્યાના ઉંચકનારના પેટમાં દરદ શરૂ થયું અને તેવણને આંખે દેખાતા બંધ થયા. તરત પોકાર કર્યો એટલે શ્રીપુજ્યજીએ કહ્યું તમે પાછા ફરો બસ પછી શું હતું, દરદ ગયું અને દેખાવા પણ લાગ્યું જેથી શ્રીપુજ્યજીએ કહ્યું કે અધિષ્ઠાતાની મરજી જાવાની માલમ પડતી નથી ૧૯૨૬ ની સાલમાં પાછા ગાદીપર બેસાડ્યા.

વચમાં વળી સલાહ થઇ કે પ્રભુને કરચલીઆમાં લાવીએ સંઘે એકઠો થઇ વાણીઆવાડમાં જઇ પ્રભુના સામે અર્જ કરી ચીઠ્ઠીઓ નાખી કુમારિકા પાસે ચીઠ્ઠી કઢાવી જેમાં પણ મનને સંતોષ જોઇએ તેવો ન મળ્યો. ઇત્યાદિ વાતોને લઇ લોકોનાં મન જરા ચકકરમાં ભમ્યાં કરતાં હતાં. મુળે ગામના રહેવાવાળા જેમાં પણ કેળવણીથી ખાલી એટલે જુના જમાનાના આદમીઓના મનમાં વહેમે ઘર કરી મૂકેલ વહેમનું કોઇ પણ ઓસડ નથી જરા માથું દુઃખે કે હા ! પરમે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્વરનો કોપ થયો ! પણ ભોળા જીવો એટલું નથી વિચારતા કે આપણા ભાગ્યની વાત છે. જીવે શુભાશુભ જેવાં કર્મ કર્યાં હોય તેના બદલામાં તેવાજ સુખ દુઃખ તેને ભોગવવાં પડે છે. કોઇ જીવોના પુણ્યનો ઉદય કે સદરહુ મહારાજનું પધારવું થયું. સાઠ સાઠ વર્ષની ઉમરવાળા કહે છે કે સાધુઓનું પધારવું અમારી ઉમરમાં આ પહેલ વહેલુંજ છે. વાત પણ ખરી છે જો સાધુ સાધ્વીઓનો પ્રસંગ લોકોને આવ્યો હોત તો જેવી રીતે ડુંગળી વગેરે અભક્ષ્ય ખાઉ આ તરફના ઓસવાલ, પોરવાલ કે શ્રીમાલો થઇ ગયા છે બીજે એટલાં નહીં હોય. મહારાજે એઓને સમજાવી ડુંગળી લશણ વગેરે અભક્ષ્ય ખાતાં અટકાવ્યા છે એટલે એકંદરે સેંકડે એંસી ટકા જેટલું કંદમૂળ નીકળી ગયું. સમજવામાં આવે છે થોડું ઘણું રહ્યું હશે તો તે પણ નીકળી જાશે, કારણ કે હવે એ લોકોની બીજાઓની સાથે સમાગમમાં તેમજ સાધુ સાધ્વીઓના સમાગમમાં આવવાનું નિમિત્ત બની ગયું છે, તે એ કે મહારાજ ઉપદેશની અસર એવી ચોટ લોકોના મનમાં લાગી ગઇ કે વાણીયાવાડથી પ્રભુને કરચલીયામાં લાવવા અને થતી આશાતના દૂર કરવી. આવા ઉત્તમ વિચાર ઉપર લોકો આવી ગયા. મહારાજે કહ્યું. આપણે વિધિ સહિત વિજ્ઞપ્તિ કરીએ. જો અધિષ્ઠાતાની મરજી નહીં હોય તો ત્યાંથી ઉઠશે નહીં, બસ વૈશાખ સુદિ ૬ ગુરૂવારનું મુહુર્ત નક્કી કર્યું.' વરાડમાં પ્રતિષ્ઠાની ક્રિયા કરાવવા, છાણીવાળા ધર્મપ્રિય શેઠ જમનાદાસભાઇ આવેલ તેમને આદમી જઇ બોલાવી આવ્યા અને વિધિની સાથે અંગ્રેજી વાજા ધજા નિશાન ડંકા વગેરે ધામધુમથી પ્રભુને બિરાજમાન કરી જય જયકાર કરતા કરચલીઆમાં લાવી પરોણા તરીકે પધરાવી, નાના મોટા સર્વ ભાઇ બાઇઓએ પ્રભુદર્શનનો લાભ લીધો. આ વખતે લોકોનો ઉત્સાહ અવર્ણનીય નજરે આવતો હતો. મહારાજના પ્રતાપથી શ્રાવક શ્રાવિકાઓને દરરોજ પુજા ભકિત દર્શનનો લાભ લેવાનો સમય મળ્યો. જેથી કરચલીઆના લોકો તેમનો પુર્ણ આભાર માને છે. કરચલીઆથી વિહાર કરી મહારાજ બુહારી વગેરેના શ્રાવકોને લાભ આપતાં ક્રમે કરીને સુરત પધારવાના છે અને આ ચોમાસુ પણ ઉકત મહાત્માનું ગોપીપુરા નવી ધર્મશાળામાં થવાનું છે.

મુનિઓના વિચરવાનો આ પ્રત્યક્ષ લાભ જોઇ બીજા મુનિઓએ તે તરફ વધારે લક્ષ આપવાની જરૂરત છે.

અમો સુરતમાં ચોમાસું કરવા પધારનાર સાધુ સાધ્વીઓને વંદના પૂર્વક વિનતી કરીએ છીએ કે ચોમાસા પહેલો અથવા ચોમાસા પછીનો થોડો શેષકાળ એ તરફ ગાળવામાં આવે તો બંને પક્ષોને એટલે કે અનગાર અને સાગાર બંનેને લાભ થવાનો સંભવ છે આશા છે કે અમારી આ વિનતી ઉપર અમારો પૂજ્ય સાધુ સાધ્વી સમુદાય અવશ્ય ધ્યાન આપશે.

કરચલીઆના શ્રાવકો શ્રી સંભવનાથ સ્વામી વગેરે ભગવંતની પ્રતીમાઓને વાણીઆવાડથી કરચલીઆમાં લઇ આવ્યા તેની પાછળથી વાણીઆવાડના જાગીરદારને તે ખબર પડતાં પોતે ઘણા ઉદાસ થઇ ગયા પણ દેવની પ્રતિમા અને તે પણ પરાઇ એટલે તે ઉપર સત્તાનું જોર તો ચાલી શકેજ નહીં, પરંતુ પોતાનો આશય એ ખરો કે અહીંથી લઇ ગયા એ ઠીક નથી થયું, માટે આપણે પરીક્ષા કરીએ કે અધિષ્ઠાતાની પાછા વાણીઆવાડમાં આવવાની મરજી છે કે કેમ ? આમ વિચારી દેહરામાં એકઠા થઇ આપ હવે વાણીઆવાડ પાછા પધારશો કે કરચલીઆમાંજ રહેશો આ મતલબની બે ચીઠીઓ લખી એક કન્યા પાસે ઉપડાવી; જેમાં અમો કરચલીઆમાંજ રહેશું આમ ચીઠી આવી જેથી તેઓ નિરાશ થયા અને તેમાં પણ આનંદ માની તેઓએ સંતોષ માની લીધો. આ વાત કરચલીયાના શ્રી સંઘને ખબર પડતાં તેમના આનંદની સીમા રહી નથી. મનના બધાય વહેમ નીકળી ગયા. સત્ય છે પુણ્યશાળીને, પગે પગે નિધાન હોય છે. જીવનું પુણ્ય ચઢે છે ત્યારે બધા સારા સંયોગો મળી આવે છે. (મળેલું)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## દીક્ષા.

ધાંગધ્રાના રહીશ શા. શાંતિલાલ કસ્તુરચંદ જેમની ઉમ્મર ૨૫ વર્ષના આશરે છે જ્ઞાતે દશા શ્રીમાલી વાણીઆ છે. પાંચપ્રતિક્રમણ, પ્રકરણ, વ્યાકરણ, પંચકાવ્ય, વિગેરેનો અભ્યાસ મેસાણા બનારસ પાઠશાળામાં કરેલો છે. તેઓએ પોતાના પીતા તથા આપ્તવર્ગની પરવાનગી મેળવી ગયા બીજા વૈશાખ વદી ૧૦ સોમવારના રોજ સાયણ મુકામે પંન્યાસ કમળવિજયજીના શિષ્ય મુનિ મોહનવિજયજી પાસે દીક્ષા તેમના શિષ્ય તરીકે લીધી છે.

## શ્રી જૈન આત્માનંદ સભાનો વાર્ષિક મહોત્સવ.

ચાલતા જેઠ શુદી ૭ના રોજ ભાવનગરમાં આ સભાની વર્ષગાંઠ નિમિત્તે અને જેઠ શુદી ૮ના રોજ શ્રી સિદ્ધાચલજી ઉપર સ્વર્ગસ્થ મહાત્મા શ્રીમદ્ વિજયાનંદસૂરી ( આત્મારામજી મહારાજ )ની સ્વર્ગવાસ તિથી નીમિત્તે કરવામાં આવેલા મહોત્સવો.

શ્રી જૈન આત્માનંદ સભાને સ્થાપન થયા ઓગણીશ વર્ષ પુરા થઇ વીશમું વષ શરૂ થવાથી આ માસની શુદી ૭ના રોજ સભાની વર્ષગાંઠ હોવાથી, આ ઉત્તમ પ્રસંગને માટે પ્રથમ આમંત્રણ પત્રિકાઓ છપાવી બ્હારગામના મેમ્બરોને મોકલવામાં આવી હતી.

જેઠ શુદ ૭ના રોજ દરવર્ષ મુજબ વાર્ષિક મહોત્સવ, સભાના મકાનને ધ્વજા, પતાકા–તોરણોથી શણગારી, તેમાં પ્રથમ સ્વર્ગવાસી પૂજ્યપાદ ગુરૂરાજની છબી પધરાવી, ઉપાધ્યાયજી માહારાજ શ્રીમદ્ વીરવિજયજીના પ્રશિષ્ય શ્રી પ્રેમવિજયજી મહારાજની સાથે સ્તુતિ કરવા સાથે વાસક્ષેપથી સર્વ સભાસદોએ સવારના સવા-આઠવાગે ગુરૂ પૂજન કર્યું હતું. ત્યારબાદ નવવાગે–પ્રભુ પધરાવી મરહુમ આચાર્ય મહારાજશ્રીકૃત નવપદજીની પૂજા ભણાવવામાં આવી હતી. જે વખતે મેમ્બરો ઉપરાંત અન્ય ગ્રહસ્થોએ પણ સારી સંખ્યામાં હાજરી આપી હતી. તથા બપોરના વોરા હઠીસંગભાઇ ઝવેરચંદના તરફથી આવેલ રકમના વ્યાજમાંથી, તેમજ તુટતા રૂપિઆનું મેમ્બરોથી થયેલ ફંડથી સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જેઠ શુદી ૭ના રોજ સાંજની મીક્ષ ટ્રેઇનમાં આત્માનંદ સભાના સુમારે ૫૫ મેમ્બરો શ્રી સિદ્ધાચલજી ગયા હતા.

જેઠ શુદ ૮ના રોજ સવારના પ્રથમ ડુંગર ઉપર મોટી ટુંકમાં જ્યાં સ્વર્ગવાસી ઉકત મહાત્માની મૂર્તિ સ્થાપન કરવામાં આવેલી છે ત્યાં સ્તુતિ કરવા સાથે વાસક્ષેપથી પૂજા કરવામાં આવી હતી. તે દીવસે વરસાદ ઘણો પડવાના કારણે પૂજા ભણાવવાનું કચ્છીની ધર્મશાળામાં કે જ્યા ઉપાધ્યાયજી મહારાજશ્રી વિરવિજયજી મહારાજ બીરાજમાન હતા ત્યાં પ્રથમથી નકી થયા મુજબ મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજકૃતશ્રી નવાણું પ્રકારી પૂજા ભણાવવામાં આવી હતી. અને તેજ દીવસે ગીરીરાજ ઉપર શ્રી આદિશ્વર ભગવાન, પુંડરીકજી મહારાજ, શ્રી શાંતિનાથજી મહારાજ, પાદુકા, અને આત્મારામજી મહાજની મૂર્તિને સુંદર આંગી રચવામાં આવી હતી. અને યાત્રા, પૂજા, ભાવના વીગેરે ઉત્તમ કાર્યો કરવામાં આવ્યાં હતાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ નિમિત્તે કુલ ખર્ચ વંથલી નિવાસી શેઠ દેવકરણભાઇ મુળજી તરફથી આપવામાં આવેલ હતો.

## પૂજ્યપાદ સ્વર્ગવાસી શ્રી વિજયાનંદસૂરિ આત્મારામજી મહારાજની જુદે જુદે સ્થળે ઉજવાયેલી જયંતી.

તારીખ ૨૦ માહે જુન સને ૧૯૨૫ ના રોજ સવારના આઠથી અગીઆર સુધી શ્રી ઇડરગઢ મધે જુમાશાહની ધર્મશાળામાં શ્રીમદ્ તપગચ્છાચાર્ય વિજયાનંદસૂરી શ્રી આત્મારામજી મહારાજ સાહેબની જયંતી ઉજવવાનો મેળાવડો શ્રીમદ્ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી મહારાજના પ્રમુખપણા નીચે કરવામાં આવ્યો હતો. બાદ સરૂઆતમાં શ્રી મહાવીરપ્રભુનાં તેમ શ્રી ગુરૂભકતીનાં મંગલાચરણ, છંદો, તથા શ્લોકો ગાવામાં આવ્યા હતા અધ્યક્ષ સ્થાને બીરાજેલા શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરે શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરનો પરીચય કરાવી તેઓશ્રીના જીવન ચરિત્રનું વિશેષ વર્ણન કરવાને આપણા પ્રસિદ્ધ વકતા મુનીમહારાજ લબ્ધીવિજયજી શ્રીને આજ્ઞા આપવાથી તેઓ સાહેબે ઘણું અસરકારક રીતે સ્વર્ગવાસી ગુરૂ રાજનું જીવન ચરિત્ર કહી બતાવ્યું હતું. ત્યારબાદ મુનીમહારાજ ગંભીરવિજયજીએ ચાલુ વિષય પર ટુંક વિવેચન કરી બતાવ્યું હતું. બપોરના વખતે શ્રી ગોડી પાર્શ્વનાથજીના દહેરાસરમાં શ્રીમદ્ જૈનાચાર્ય વીજયાનંદસૂરીશ્વરજી કૃત નવપદજીની પુજા ભણાવવામાં આવી હતી ત્યારબાર શ્રીમદ્ સ્વર્ગીય તપગચ્છાચાર્ય વિજયાનંદસૂરીશ્વરજીનો ફોટો પાલખીમાં પધરાવી અતિ ધામધુમથી વરઘોડો ચઢાવવામાં આવ્યો હતો એ રીતે જયંતી કરવામાં આવી હતી.

## હૈદરાબાદ ( દક્ષિણ )માં જયન્તી ઉત્સવ.

પ્રાત: સ્મરણીય પરમોપકારી ન્યાયાંભોનિધિ આચાર્યવર્ય શ્રીમદ્ આત્મારામજી મહારાજશ્રીના જયન્તી દીવસે મુનિમહારાજશ્રી દોલતવિજયજી મહારાજજીના સદુપદેશથી અહીંના પ્રસિદ્ધ શેઠ હીરાચંદજી પુનમચંદજી છેલાણી તરફથી કોઠીના દેરાસરમાં સંગીતના ઠાઠમાઠ સાથે પૂજા ભણાવી હતી શ્રીયુત્ મુ. મ. શ્રી વલ્લભવિજયજી મહારાજ કૃત આચાર્ય મહારાજની લાવણી તથા સ્તુતિ ગાઈ હતી સાંજના શેઠ સાહેબ તરફથી સ્વામીવાત્સલ્ય થયો હતો.

પાટણમાં પ્રવર્ત્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજી મહારાજના અધ્યક્ષપણા નીચે, આ સિવાય મંદસોરમાં મુનિરાજ શ્રી હંસવિજયજીના પ્રમુખપણા નીચે, મુંબઇમાં મુનિરાજ શ્રી લલિતવિજયજી મહારાજના અધ્યક્ષપણા નીચે, શ્રી સંઘ તરફથી જયંતી ઉજવાઇ હતી. તેમજ પંજાબમાં અંબાલા, ગુજરાનવાલા, હુશીયારપુર–લુધીયાના–માલેરકોટલા–સનખતરા–નારોલ–અમૃતસર, પટ્ટી–જીરા કસુર, લાહોર, જંબુ, રામનગર, સમાના, જલંધર, નીકોદર, નારોવાલ, જંડિઆલા વગેરે સ્થળોએ દર વર્ષના રિવાજ મુજબ જેઠ શુદ ૮ ના રોજ જયંતી ઉજવવામાં આવી હતી. ગુજરાનવાળા અને અંબાલા એ બે શહેરમાં આ વર્ષેજ ઘણાજ ઠાઠથી જયંતી ઉજવવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રીમદ્ વિજયાનંદસૂરિ આત્મારામજી મહારાજના પરિવાર મંડળના મુનિરાજોના ચાતુર્માસનો નિર્ણય અને ઉકત મહાત્માઓને વિનંતિ.

પૂજ્યપાદ શ્રીમદ્ વિજયાનંદસૂરિ ( આત્મારામજી ) મહારાજના પરિવારના મુનિરાજોને વિનંતિ કે તેઓશ્રીના ચાતુર્માસ કયા કયા સ્થળે નકી થયા છે તેના તેમજ કેટલાક મુનિરાજો છે, તે વડિલ મુનિમહારાજના નામ સાથે અમોને જણાવવા કૃપા કરવી, જેથી આ માસિકમાં તે સર્વની જાણ માટે પ્રગટ કરાય.

નીચે મુજબના મુનિરાજોના ચાલુ માસમાં ખબર અમોને મળ્યા છે તેનું લીસ્ટ નીચે મુજબ છે.

### સુરત–ગોપીપુરા.

કે. શેઠ નગીનદાસ ઝવેરચંદ.

૧ મુનિરાજ શ્રી વલ્લભવિજયજી
૨ ,, ,, વિમલવિજયજી
૩ ,, ,, વિબુધવિજયજી
૪ મુનિરાજ શ્રી તિલકવિજયજી
૫ ,, ,, વિચિક્ષણવિજયજી
૬ ,, મિત્રવિજયજી

### અંબાલા શહેર પંજાબ.

૧ મુનિરાજ શ્રી હીરવિજયજી
૨ મુનિરાજ શ્રી સુમતિવિજયજી

### મુંબઇ લાલબાગ પાંજરાપોળ નવો ઉપાશ્રય.

૧ મુનિરાજ શ્રી લલિતવિજયજી
૨ ,, ,, ઉમંગવિજયજી
૩ ,, ,, વિજ્ઞાનવિજયજી
૪ મુનિરાજ શ્રી વિચારવિજયજી
૫ ,, ,, સાગરવિજયજી

### વડોદરા.

૧ ,, ,, કસ્તુરવિજયજી
૨ મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી

### વલાદ જીલ્લા અમદાવાદ.

૧ ,, ,, વિવેકવિજયજી
૨ મુનિરાજ શ્રી ઉત્તમવિજયજી

### વડનગર— માલવા.

૧ પન્યાસજી મહારાજશ્રી સોહનવિજયજી ગણિ
૨ મુનિરાજશ્રી સમુદ્રવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આ સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું અને હાલમાં છપાતા ઉપયોગી ગ્રંથો.

## તેમાં થતો જતો સંખ્યાબંધ વધારો.

### માગધી–સંસ્કૃત મૂળ, અવચૂરિ ટીકાના ગ્રંથો.

૧ " સત્તરીસય ઠાણુ સટીક " — શા. ચુનીલાલ ખુમચંદ પાટણવાળા તરફથી

૨ " સિદ્ધ પ્રાભૃત સટીક " — પ્રાંતિજવાળા શેઠ કરમચંદની બીજી સ્ત્રીના સ્મરણાર્થે હા.શેઠ મગનલાલ કરમચંદ તરફથી.

૩ " પ્રતિક્રમણ ગર્ભ હેતુ " — શા. હીરાચંદ ગહેલચંદની દીકરી બેન પરશીબાઇ પાટણવાળા તરફથી,

૪ " દાન પ્રદીપ " — શા. મુળજી ધરમશી તથા દુર્લભજી ધરમશી પોરબંદરવાળા તરફથી.

૫ " મહાવીર ચરિત્ર " શ્રી નેમીચંદ્રસૂરિ કૃત. — શા. જીવરાજ મોતીચંદ તથા પ્રેમજી ધરમશી પોરબંદરવાળા તરફથી શા. મુળજી ધરમશીના સ્મરણાર્થે.

૬ " સંબોધ સિત્તરી સટીક " — શા. કલ્યાણજી ખુશાલ વેરાવળવાળા તરફથી.

૭ " સમયસાર પ્રકરણ સટીક " — શેઠ મોતીચંદ દેવચંદ માંગરોળવાળા તરફથી.

૮ " ગુરૂગુણષટ ત્રિશિંકા સટીક " — શા. સોમચંદઉત્તમચંદ માંગરોળવાળા ત.

૯ " ષટસ્થાનક પ્ર–સટીક " — શા. પ્રેમજી નાગરદાસની માતુશ્રી બાઇ રળીયાત બાઇ માંગરોળવાળા તરફથી.

૧૦ " ચૈત્યવંદન મહાભાષ્ય " — શા. ફુલચંદ વેલજી માંગરોળવાળા તરફથી.

૧૧ " સુસુખાદિમિત્ર ચતુષ્ક કથા " — શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણવાળા ત.

૧૨ " ષડાવશ્યક વૃત્તિ નમિસા–કૃત" — શા. હરખચંદ મકનજી પ્રભાસપાટણવાળા ત.

૧૩ " પેથડ ઝાંઝણ પ્રબંધ " — શા. મોહનદાસ વસનજી પોરબંદરવાળા. ત.

૧૪ " પુન્યધન ચરિત્ર " — શા. મનસુખભાઇ લલ્લુભાઇ પેથાપુરવાળા ત.

૧૫ ,, કુમારપાળ પ્રબંધ શ્રી જિનમંડનગણી કૃત — શેઠ લલ્લુભાઇ નથુભાઇ પાટણવાળા તરફથી.

૧૬ " સંસ્તારક પ્રકીર્ણ સટીક " — શા. ધરમશી ગોવીંદજી માંગરોળવાળા ત.

૧૭ "શ્રાવકધર્મ વિવિધ પ્રકરણ સટીક" શા. જમનાદાસ મોરારજી માંગરોળવાળા ત.

૧૮ " અષ્ટકજી, ઉપાધ્યાયજી મહારાજશ્રી યશોવિજયજી કૃત મૂલ;અને શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ કૃત જ્ઞાનમંજરી ટીકા સહિત.

૧૯ " કલ્પસૂત્ર સુબોધિક ટીકા " — શા. ચુનીલાલ સાકરચંદ પાટણવાળા તર.

૨૦ " પ્રાચીન ચારકર્મ ગ્રંથ ટીકા સાથે" શેઠ પ્રેમચંદ ઝવેરચંદ પાટણવાળા તરફથી.

૨૧ " ધર્મપરિક્ષા શ્રીજિનમંડનગણી કૃત. બે શ્રાવિકાઓ પાટણ તરફથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨૨ " સમાચારી સટીક શ્રીમદ્‌— શા. લલ્લુભાઇ ખુબચંદની વિધવા બેન
યશોવિજયજી ઉપાધ્યાયજી કૃત. મેનાબાઈ પાટણવાળા તરફથી.
૨૩ " ઉપદેશ સપ્તતિકા " બ્હેન વીજળીબાઈ વડોદરાવાળા તરફથી
૨૪ " પંચ નિગ્રંથી સાવચૂરિ.
૨૫ " પર્યન્ત આરાધના સાવચૂરિ.
૨૬ " પ્રજ્ઞાપના તૃતીયપદ સંગ્રહણી સાવચૂરિ.
૨૭ " બંધોદય સત્તા પ્રકરણ સાવચૂરિ.
૨૮ " પંચ સંગ્રહ." શેઠ રતનજી વીરજી ભાવનગરવાળા તરફથી.
૨૯ " શ્રાદ્ધ વિધિ. શેઠ જીવણભાઇ જેચંદ ગોઘાવાળા તરફથી.
૩૦ " પ્રતિમાશતક લઘુ ટીકા. શા. ગોવિંદજી વિઠ્ઠલદાસ વાળુકડવાળા તરફથી.
૩૧ " ષડ્‌દર્શન સમુચ્ચય શેઠ જીવણભાઇ જેચંદ ગોઘાવાળા તરફથી.
૩૨ " શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર " શ્રીમદ્‌ ભાવવિજયજી ગણીકૃત ટીકા. બાબુ સાહેબ.
ચુનીલાલજી પન્નાલાલજી મુંબઇવાળા તરફથી.
૩૩ " બૃહત સંઘયણી શ્રી જિનભદ્રગણી
ક્ષમા શ્રમણ કૃત. " એક સભા તરફથી.
૩૪ " જીવાનુશાસન સટીક શા મગનચંદ ઉમેદચંદની વિધવા બાઇ
ચંદન પાટણવાળા તરફથી.
૩૫ " ક્ષેત્ર સમાસટીકા " શેઠ અમૃતલાલ છગનલાલ ભાવનગરવાળા તરફથી.
૩૬ " કુવલયમાલા [ સંસ્કૃત ] "
૩૭ ધમ્મીલ ચરિત્ર } એક શ્રાવક તરફથી
૩૮ ધન્ના ચરિત્ર }

## એકલા ભાષાંતરના છપાતાં ગ્રંથો.

૩૯ " શ્રાદ્ધગુણ વિવરણ "(ભાષાંતર) " વોરા હઠીસંગભાઇ ઝવેરચંદ ભાવનગરવા-
૪૦ "તપાવલી(તપરત્ન મહોદધિ)" વિધિ વિધાન સહિત ગુજરાતીમાં પ્રત આકારે.
શેઠ આણંદજી પરશોતમના તરફથી.
૪૧ " પૂજા સંગ્રહ " પૂજ્યાપાદ ન્યાયાંભોનિધિ શ્રીમદ્‌ વિજયાનંદસૂરિ ( આત્મા-
રામજી ) મહારાજ કૃત તથા મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ કૃત )

ઉપરના ગ્રંથો સિવાય બીજા ગ્રંથોની પણ યોજના થાય છે, તેની પણ જાહે-
ર ખબર હવે પછી આપવામા આવશે.

## આસભામાં આમાસમાં નવા દાખલ થયેલા માનવંતા સભાસદો

૧ શેઠ ચુનીલાલ મનસુખલાલભાઇ ખંભાત વાળા લાઈફ મેમ્બર-મુંબઇ
૨ શા. પરશોતમદાશ જગજીવનદાસ વાર્ષિક મેમ્બર-ભાવનગર.
૩ શા. દીપચંદ વેલચંદ ભાવનગર. " હાલ દીલી.

For Private And Personal Use Only